**આજનો સુવિચાર**

કોઈ ભલે ગમે તેટલું કહે, તમારી જાતને શાંત રાખો, કારણ કે સૂર્ય ગમે તેટલો મજબૂત હોય, તે સમુદ્રને સૂકવી શકતો નથી.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૭ જૂનાગઢ તા.૦૪-૧૨-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 297, Junagadh : Date : 04 December, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# કૌન બનેગા મુખ્યમંત્રી ? ચાર રાજયોમાં સરકાર બનાવવા કવાયત શરૂ




શિવરાજસિંહ, નરેન્દ્રસિંહ તોમર, કૈલાશ વિજય વર્ગીય, વસુંધરા રાજે, ઓમ બિરલા, રમનસિંહ, અરુણકુમાર, સરોજ પાંડે, દીયાકુમારી, બાબા બાલકનાથ



તેલંગાણામાં કોંગ્રેસના રેવંત રેડ્ડી ફેવરીટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૪

પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થતા જ હવે આ રાજયોમાં નવી સરકાર રચનાની પ્રક્રિયા તેજ બની છે. ભાજપે મધ્યપ્રદેશ ઉપરાંત રાજસ્થાન અને છતીસગઢમાં સુકાનીઓ શોધવાના છે અને તેમાં હવે એક તરફ પક્ષે અનેક સીનીયર સાંસદોને ચુંટણીના મેદાનમાં ઉતાર્યા હતા અને વર્તમાનમાં પણ અનેક પીઢ નેતાઓ હવે મુખ્યમંત્રીપદના દાવેદાર માનવામાં આવે છે. જયારે તેલંગાણામાં પ્રચંડ વિજય સાથે કોંગ્રેસ પક્ષે નવી સરકાર રચવાની પ્રક્રિયા તેજ બનાવી છે.

હાલ કોંગ્રેસના બે પરાજીત મુખ્યમંત્રીઓ અશોક ગેહલોત તથા ભુપેશ બધેલે તેના રાજીનામા રાજયપાલને આપી દીધા છે. તેલંગાણામાં બી.આર.એસ.ના કે.ચંદ્રશેખર રાવે પણ રાજયપાલને મળીને તેમનું રાજીનામુ સુપ્રત કરી નવી સરકારની રચનાની પ્રક્રિયાને માર્ગ કર્યો છે. મધ્યપ્રદેશમાં વર્તમાન મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણે પણ ઔપચારીકતા મુજબ રાજીનામું આપી દીધુ છે પણ ભાજપ મોવડીમંડળ હવે ત્રણ રાજયોના નવા સુકાનીઓ શોધવામાં કેવું આશ્ચર્ય સર્જે છે તેના પર સૌની મીટ છે. આગામી એક કે બે દિવસમાં ભાજપ પાર્લીયામેન્ટ્રી બોર્ડની બેઠકમાં દિલ્હીમાં મળશે. આજથી જ સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ રહ્યું છે તેથી પાર્લીયામેન્ટ્રી બોર્ડના તમામ સભ્યો દિલ્હીમાંજ છે.


મધ્યપ્રદેશ : મધ્યપ્રદેશમાં ભાજપે ૨૩૦માંથી ૧૬૫ બેઠકો જીતીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે અને તેમાં મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણની મોટી ભૂમિકા રહી છે. જો કે ચુંટણીમાં તેઓને મુખ્યમંત્રીના ચહેરા તરીકે રજુ કરાયા ન હતા. અહી ભાજપે ત્રણ કેન્દ્રીય મંત્રીઓ સહિત ૭ સાંસદોને ચુંટણી મેદાનમાં ઉતાર્યા છે. સૌથી મોટુ સમર્થન એ છે કે શું શિવરાજ ચૌહાણને પાંચમી વખત મુખ્યમંત્રી બનવા માટે જણાવશે કે કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર- પક્ષના મહામંત્રી કૈલાસ વિજય વર્ગીય કે પછી નવા ચહેરાને પસંદ કરે છે તેના પર નજર છે. જેમાં જયોતિરાદીત્ય સિંધીયાનું નામ પણ ચર્ચામાં છે. જેમણે મુખ્યમંત્રીપદ માટે કોંગ્રેસ છોડીને ભાજપમાં પ્રવેશ કરીને કમલનાથ સરકારનું પતન લાવીને ભાજપે રાજયમાં સતા અપાવી હતી.

રાજસ્થાન : ભાજપે પાંચ વર્ષના સમય બાદ રાજસ્થાનમાં ફરી સતા મેળવી છે તો અહી પુર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે પ્રબળ દાવેદાર મનાય છે પણ ભાજપે ચુંટણીમાં તેઓને 'હાઈલાઈટ' થવા દીધા હતત નહી. અહી કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર શેખાવત, અર્જુન રામ મેઘવાલ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા રાજવી ઘરાનાના જ દિયાકુમારી ઉપરાંત એક નવા નામ તરીકે અલવરના સાંસદ બાલકનાથ પણ છે. જેઓ વિધાનસભામાં જીત્યા છે અને રાજસ્થાનના 'યોગી' ગણાય છે.

છતીસગઢ : ભાજપને આ રાજયમાં કોઈ ઓપીનીયન કે એકઝીટ પોલમાં સતા મળતી ન હતી પરંતુ મતદારોએ જબરી બહુમતી સાથે સતા સોપી છે તો પુર્વ મુખ્યમંત્રી રમણસિંઘ ઉપરાંત ભાજપના પ્રદેશ અધ્યક્ષ અરુણકુમાર અને કોંગ્રેસ શાસનમાં વિપક્ષના નેતાની ભૂમિકા ભજવનાર ધરમલાલ કૌશિક કેન્દ્રીય મંત્રી રેણુકાસિંઘ પક્ષના વરિષ્ઠ નેતા સરોજ પાંડે અને પુર્વ આઈએએસ ઓફિસર ઓ.પી.ચૌધરી દાવેદાર છે.

તેલંગાણા : દક્ષિણનાં આ રાજયમાં કોંગ્રેસને ૧૧૯ બેઠકમાં પુર્ણ બહુમતી સાથે સતા મળ્યા બાદ મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવને પણ પરાજીત કરીને વિજય મેળવનાર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ એ.રેવંત રેડ્ડી મુખ્યમંત્રી બનશે તેવા સંકેત છે. આજે જ કોંગ્રેસના ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક હેદરાબાદમાં મળશે. ગઈકાલે કોંગ્રેસ પ્રતિનિધિમંડળે રાજયપાલ સુંદરરાજનને મળીને સરકાર રચવાનો દાવો કરી દીધો છે અને આગામી એક-બે દિવસમાં જ તેલંગાણામાં નવી સરકાર રચાઈ જશે.

## સંસદનાં શિયાળુ સત્રનો ઝંઝાવાતી પ્રારંભ : ભારે તોફાની સાબીત થશે



નવી દિલ્હી તા. ૪ : સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ ગયું છે. જે ખૂબ ધમાકેદાર રહેવાની શકયતા છે. ત્રણ રાજયોની વિધાનસભા ચૂંટણીમાં મળેલી હારથી નિરાશ વિપક્ષો એક થઈને બેરોજગારી, મોંઘવારી, મણિપુર હિંસા અને તપાસ એજન્સીઓના ઉપયોગને લઈને શાસક ભાજપ પર પ્રહાર કરશે. શાનદાર જીતથી ઉત્સાહિત ભાજપ વિપક્ષ પર આક્રમક પ્રહાર કરશે. ઘણા મહત્વપૂર્ણ બિલો ઉપરાંત, તૃણમૂલ કોંગ્રેસ સાંસદ મહુઆ મોઈત્રાને હાંકી કાઢવાની ભલામણ કરતો અહેવાલ પણ સત્ર દરમિયાન રજૂ થવાની ધારણા છે.

સંસદની અંદર અને બહાર ભાજપનો સામનો કરવા માટે તેમની વ્યૂહરચના તૈયાર કરવા માટે વિપક્ષ ઈન્ડીયા એલાયન્સના નેતાઓએ આજે સવારે બેઠક કરી હતી. કોંગ્રેસને ત્રણ રાજયોમાં કારમી હારનો સામનો કરવો પડ્યો છે. સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે જો વિપક્ષ સંસદને ખોરવી નાખશે તો તેના ખરાબ પરિણામો ભોગવવા પડશે.

સરકારે શિયાળુ સત્રની ૧૫ બેઠકો માટે જોરદાર વિધાયક એજન્ડા રજૂ કર્યો છે. જેમાં વસાહતી યુગના ફોજદારી કાયદાઓને બદલવા માટેના મુખ્ય ખરડા અને ચૂંટણી કમિશનરની નિમણૂક માટેના ડ્રાફ્ટ કાયદાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સાંસદ મહુઆની હકાલપટ્ટી અંગે સંસદીય નીતિશાસ્ત્ર સમિતિની ભલામણ પણ સંસદમાં રજૂ કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર સમિતિની ભલામણને અપનાવવા માટે લોકસભામાં પ્રસ્તાવ રજૂ કરશે.

## ચૂંટણી પરીણામોને પગલે શેરબજારમાં ભારે તેજી : સેન્સેકસમાં ૧૦૦૦ પોઈન્ટનો ઉછાળો




મુંબઈ તા. ૪ : ગઈકાલે જાહેર થયેલા ચાર રાજયોના ચૂંટણી પરિણામોની અસર પણ બજાર પર જોવા મળી છે. શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. એક તરફ, બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ ઉછળ્યો હતો, જયારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૩૫૦ પોઈન્ટના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સ અને નિફ્ટીએ નવા રેકોર્ડ સ્તરને સ્પર્શ કર્યો હતો. પહેલાથી જ નિષ્ણાતો અપેક્ષા રાખતા હતા કે ત્રણ રાજયોમાં ભાજપની જંગી જીતની અસર શેરબજારમાં ફાયદાના રૂપમાં જોવા મળી શકે છે.

પ્રી-ઓપન સેશનમાં જોરદાર ઉછાળા બાદ ભારતીય શેરબજારનો મુખ્ય સૂચકાંક નિફ્ટી સવારે ૯.૧૫ વાગ્યે નવા રેકોર્ડ ઊંચાઈએ ખૂલ્યો હતો. નિફ્ટી ૨૭૬.૪૦ પોઈન્ટ અથવા ૧.૩૬ ટકાના વધારા સાથે ૨૦,૬૦૦ ના સ્તર પર ખુલ્યો. નિફ્ટી પર અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ્સ, એનટીપીસી, એસબીઆઈ અને એલએન્ડટી કંપનીઓના શેરમાં મજબૂત વધારો જોવા મળ્યો હતો.

શરૂઆતના વેપારમાં સૌથી મોટો ઉછાળો અદાણી ગ્રૂપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં જોવા મળ્યો હતો, જે ૭.૦૪ ટકા અથવા રૂ. ૧૬૬.૩૦ના તોફાની વધારા સાથે રૂા. ૨,૫૨૯.૦૦ પર પહોંચ્યો હતો.

## સોનામાં આગઝરતી તેજી : રેકોર્ડ બ્રેક ભાવ - ૧૦ ગ્રામનાં રૂા. ૬૩,૮૯૬



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૪

આજે સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે સોનાનાં ભાવોએ ભૂક્કા બોલાવી દીધા છે. આજે ફરીથી સોનું તેની નવી ઓલ ટાઈમ હાઈ સપાટી પર પહોંચી ગયું છે. હવે લગ્નની સિઝન નજીક આવતા ધીમે-ધીમે સોનું મોંઘુ થતુ જોવા મળી રહ્યું છે. તો બીજી બાજું ચાંદી પણ સતત ઉપર જઈ રહી છે. આજે એમસીએક્સ પર ફેબ્રુઆરીના વાયદાનું સોનું ૦.૮૫ ટકાના વધારા સાથે ૬૩,૮૯૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું છે, બીજી તરફ માર્ચના વાયદાનું ચાંદી ૦.૨૩ ટકાના વધારા સાથે ૭૮,૨૭૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું. સોના-ચાંદીમાં વૈશ્વિક સ્તરે દબાણ જોવા મળ્યા બાદ સ્થાનિક સ્તરે પણ આ જ સ્થિતિ જોવા મળી રહી છે. અહીં મહત્વનું છે કે નવા આર્થિક વર્ષમાં સોનાએ છેલ્લા ૬ મહિના બાદ નવી રેકોર્ડ સપાટીને સ્તરે બનાવી છે.

આજે એમસીએક્સ પર ફેબ્રુઆરીના વાયદાનું સોનું ૦.૮૫ ટકાના વધારા સાથે ૬૩,૮૯૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું છે, બીજી તરફ માર્ચના વાયદાનું ચાંદી ૦.૨૩ ટકાના વધારા સાથે ૭૮,૨૭૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું.

## યુરોપમાં ભયાનક હિમ વર્ષા : ૨૦ ઈંચ બરફ પડયો

પેરીસ તા. ૪: પ્રચંડ હીમ વર્ષામાં યુરોપ થીજી ગયું છે. જર્મની, ચેક રિપબ્લીકમાં ભારે હિમવર્ષાને લીધે રસ્તાઓ પર ૬-૬ ઈંચ સુધી બરફ જામ્યો છે. ઠેર ઠેર ૨૦-૨૦ ઈંચ સુધી બરફ પડ્યો છે. જર્મનીમાં ભારે હિમવર્ષા થઈ છે. ઓસ્ટ્રીયા, સ્વીટ્ઝર્લેન્ડ અને ચેક રિપબ્લીકમાં પણ આવી જ સ્થિતિ છે. અહીં ૨૦-૨૦ ઈંચ સુધીનો બરફ જમા થયો છે. માર્ગો ઉપર ૬-૬ ઈંચ બરફનો થર જામ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં મધ્ય યુરોપના આ બધા દેશો સંપૂર્ણપણે બરફથી ઢંકાઈ ગયા છે. સૌથી ખરાબ સ્થિતિ દક્ષિણ જર્મનીમાં છે. યુરોપના આ દેશોમાં હિમવર્ષાના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. એરલાઈન્સ અટકી છે. ટ્રેનો અને બસો બંધ છે..

## તેલંગાણાનાં ડીજીપીને ચૂંટણીપંચે સસ્પેન્ડ કર્યા

હૈદરાબાદ તા.૪ :

વિધાનસભાની ચૂંટણીનાં કોંગ્રેસનો વિજય નિશ્ચિત બની ગયો હતો જેને પગલે રાજયનાં પોલીસ વડા અંજનીકુમાર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રેવાંથ રેડ્ડીને મળવા પહોંચી ગયા હતા. સરકાર રચના પૂર્વે જ જીતનારા નેતાને મળવા જવાનું આચાર સંહીતાના ભંગરૂપ હોવાનું ગણાવીને ચૂંટણી પંચે પોલીસ વડાનાં પદેથી તેમને સસ્પેન્ડ કરી દીધા હતા.

સુત્રોએ કહ્યું કે સરકાર રચના પુર્વે જ વિજેતા પક્ષના નેતાને મળવા પાછળનો ઈરાદો સારો ન ગણી શકાય. સમગ્ર રાજયનાં પોલીસ દળનું નેતૃત્વ કરતાં પોલીસ વડાનું આ કાર્ય આચાર સંહીતાનાં ભંગરૂપ હતું. અને ખોટી પ્રણાલી સર્જનારૂ હતું. તેમની નીચલા ટ્રેન્ડના અધિકારીઓ પણ તેને અનુસરણ કરવા લાગે તો મત ગણતરી તથા સુરક્ષા વ્યવસ્થાનાં પ્રશ્નો ઉભા થાય અને વિનાશક ઘટનાક્રમો સર્જાઈ શકે.પંચે અન્ય બે પોલીસ અધિકારીઓના પણ ખુલાસા માંગ્યા છે.

## મીઝોરમમાં ઝેડપીએમ પક્ષને બહુમતી

નવી દિલ્હી તા.૪ : મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા છતીસગઢમાં જબરજસ્ત વિજય મળ્યો છતાં ભાજપ ગઠબંધનને મિઝોરમમાં ફટકો લાગ્યો છે અને વિપક્ષ ઝોરમ પીપલ્સ પાર્ટીને બહુમતી હાંસલ થઈ છે. મિઝોરમના પુર્વ આઈપીએસ અધિકારી લાલદુહેમાના નેતૃત્વ હેઠળ ચાર વર્ષે પૂર્વે જ રચાયેલી પાર્ટી ઝોરમ પિપલ્સ મુવમેન્ટ (ઝેડપીએમ) પૂર્ણ બહુમતી સાથે જીતના માર્ગે છે.

પ્રારંભીક ટ્રેન્ડમાં ઝેડપીએમ ૪૦ માંથી ૨૭ બેઠકો પર સરસાઈ ધરાવતી હતી. જયારે સતાધારી મિઝો નેશનલ ફ્રંટ (એનએનએફ)ને માત્ર ૯ બેઠકોમાં સરસાઈ હતી. કોંગ્રેસને બે તથા ભાજપને ત્રણ બેઠકો પર સરસાઈ હતી. નવા ૪ પક્ષની સરકાર બનવાના સંજોગોમાં મિઝોરમમાં નવા રાજકીય સમીકરણો સર્જાવાના સંકેત છે. ૨૦૧૮ ની ચૂંટણીમાં સતાધારી એમએનએફને ૨૬ બેઠકો મળી હતી. ઝેડપીએમને આઠ તથા કોંગ્રેસને પાંચ બેઠક મળી હતી.

ભાજપે એક સીટ પર વિજય મેળવીને જીતનું ખાતુ ખોલાવ્યુ હતું. ત્યારબાદ પેટા ચૂંટણીમાં સતાધારી એમએનએફે વધુ બે બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો. બહુમતીનાં માર્ગે આગળ વધતાં ઝોરમ પીપલ્સ મુવમેન્ટનાં પ્રમુખ અને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર લાલુ દુહોમાએ ભ્રષ્ટાચાર, રોજગારી તથા વિકાસના મુદ્દાને આગળ ધર્યા હતા.

## તેલંગાણામાં એરફોર્સનું ટ્રેનર વિમાન ક્રેશ : બે પાયલોટનાં મોત



હૈદરાબાદ તા. ૪

ભારતીય વાયુસેનાનું એક ટ્રેનર વિમાન આજે સવારે તેલંગાણામાં ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં એરફોર્સનાં બે જવાનોનાં મોત થયા હતા. મેડકની બહાર પરિધિ રાવેલી વિસ્તારમાં પ્લેન ક્રેશ થયું હતું.

ઈન્ડીયન એરફોર્સના જણાવ્યા અનુસાર, પ્લેનમાં બે પાયલટ હતા. જેમાં એક ટ્રેનર હતો જે નવા કેડેટને પ્લેન ઉડવાનું શીખવી રહ્યો હતો. વિમાને સોમવારે સવારે ડિંડીગુલમાં એરફોર્સ એકેડેમીથી ઉડાન ભરી હતી અને સવારે ૮:૫૫ વાગ્યે ક્રેશ થયું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર થોડીવારમાં જ પ્લેન બળીને રાખ થઈ ગયું હતું.


**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકર થાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

**હાર્દિક શુભેચ્છા.....**
**ગુલાબ બ્રાન્ડ સીંગતેલ**
ગુજરાતમાં ઘરે ઘરે જાણીતું બનેલું નામ એટલે ગુલાબ બ્રાન્ડ મગફળીનું ૧૦૦ ટકા શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવાલાયક ફીલ્ટર્ડ સીંગતેલમાં વિશ્વાસનું પ્રતિક એટલે ગુલાબ બ્રાન્ડ સીંગતેલ
ઉત્પાદક : શ્રી માંગરોળ ઓઈલ મીલ
ટાવર ચોક, માંગરોળ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

### UNM ફાઉન્ડેશન આયોજીત અભિવ્યક્તિની ૫મી આવૃત્તિ પ્રસંગે

# કલા પ્રેમીઓએ વર્કશોપ અને આર્ટ ઈન્ટોલેશન વચ્ચે એક આનંદ સભર રવિવાર વિતાવ્યો





(રાજેશ મહેતા દ્વારા)
અમદાવાદ તા.૪

ટોરેન્ટ ગ્રુપનોં દ્રસફાઉન્ડેશન આયોજીત અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટમાં રવિવારની સાંજે પ્રવિણા મહિચાએ ‘‘ઈન્ડિગો ડાય મેકિંગ આર્ટ’’ વર્કશોપ સાથે કલારસિકોમાં આકર્ષણ જમાવ્યુ હતું. યોજાયેલ વર્કશોપ સાથે કલા પ્રશંસકો માટે આકર્ષક બનાવ્યું.

આ વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશનમાં ટેક્નોલોજી અને કોસ્મિક એનર્જીના સંકલને મુલાકાતીઓને એક અનોખો અને આકર્ષક અનુભવ કરાવ્યો

અમદાવાદની કલાકાર દીપલ સિસોદિયા "બા નો ડાયરો" કૃતિ દ્વારા પોતાની સ્વર્ગસ્થ દાદીની પ્રિય યાદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. તેઓ ધાબા ઉપર વિતાવેલી અનમોલ ક્ષણોને તે સુંદર રીતે કેપ્ચર કરી ધાબાના દરેક ખુણાને દાદીની હાજરીથી જીવંત બનાવી દે છે. સિરામિક પ્લેટ્સનો ઉપયોગ કરીને તેમણે અમુલ્ય યાદોને સંગ્રહી જાણી છે, સુર્યના તડકામાં સુકવાતી કેરીઓથી લઈને વફાદાર કુતરા સાથેની હૃદયસ્પર્શી વાતચીતો સુધી બધુ ઉંડી શ્રદ્ધા અને જુની સ્મૃતિઓથી ઓતપ્રોત છે. દરેક પ્લેટ કુશળતાપૂર્વક તેમની દાદીના વ્યક્તિત્વને રજુ કરે છે. દીપલ સિસોદિયા મનપસંદ માધ્યમો ટેરાકોટા, પથ્થરના વાસણો અને ધાતુ છે. લોકોના હાવભાવો, વર્તન, લાગણીઓમાંથી પ્રેરણા લઈને તે આ વસ્તુઓ ઉપર સામાન્ય લોકોની દૈનિકક્રિયાઓનું નિરૂપણ કરે છે.

પ્રખ્યાત પેપરકટ આર્ટિસ્ટ પાર્થ કોઠેકર અભિવ્યક્તિના મંચ ઉપર "હોલ ઓફ કન્જક્શન" ની રજુઆત થકી એક અનોખા પરિપ્રેક્ષ્યને રજુ કરે છે. તેમની કૃતિમાં એક વર્તુળાકાર કોરિડોર જે એક જોડાણ તરીકે કામ કરી રહ્યો છે, જેમાં વિવિધ પરિમાણોમાં બારીઓ જેવા દરવાજા છે. તબીબી છરીનો ઉપયોગ કરીને બારીકાઈ સાથે એક જ શીટમાંથી તૈયાર કરાયેલા અને ઝીણવટપૂર્વક કાપવામાં આવેલા કાગળના ટુકડાઓ એકબીજા સાથે જોડાયેલ સ્થળોનો ભ્રમ ઉભો કરવા માટે ચોક્કસ રીતે ફોલ્ડ કરવામાં આવ્યા છે. વૃત્તાકાર ઢાંચો એક અનંત, સુમેળભર્યા સંપાતનું પ્રતીક છે, જ્યાં બહુવિધ દુનિયાઓ નિર્વિઘ્ને રૂપે એક સાથે રજુ થાય છે. પાર્થ કોઠેકર ઓહ-પેપરકટ ક્રાફ્ટ નાઈફનો ઉપયોગ કરીને જટિલ કાગળની કૃતિઓ બનાવવા માટે પ્રખ્યાત છે.

જાણીતી કલાકાર દિશાખા યાદવ પોતાની કૃતિ "લાગણીનો વરસાદ" માં રંગ અને કલાના ઉપચારાત્મક ઉપયોગ દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને સુખના મહત્વને સમજાવે છે. રંગના માધ્યમથી લાગણીઓને પ્રભાવીત કરીને આત્માઓના ઉત્થાન અને લોકોના ચહેરા ઉપર ખુશી લાવવાનું કામ કેટલી અસરકારક રીતે કરી શકાય તે આ કૃતિમાં રજુ કરવામાં આવ્યુ છે. પોતાની કૃતિને પ્રાસંગિક અને નિષ્ઠાવાન બનાવવા માટે દિશાખા યાદવ વાસ્તવિક અનુભવો અને લાગણીઓ ઉપર આધાર રાખીને પોતાના આસપાસના વાતાવરણમાંથી પ્રેરણા મેળવે છે.

અમદાવાદના કલાકાર વિજય એ. હ્યુમને પોતાના ઈન્ટોલેશન "બિગ બેંગ એમ્પોરિયમ" દ્વારા પોતાના ફોટોગ્રાફી પ્રત્યેના ઝુનુન અને ફ્રીફોર્મ ડાન્સિંગ પ્રત્યેનો પ્રેમ રજુ કર્યો. આ ઈન્ટોલેશન મારફતે વિજય પોતાના સેંકડો ફોટા અને તે અનુરૂપ કેપ્શન દ્વારા દર્શકોને "ફોટો જંગલ" ની સફર કરાવે છે, તેઓ આપણી દુનિયાના જબરજસ્ત સ્વભાવને પ્રતિબિંબિત કરતું દ્રશ્ય સર્જે છે અને દર્શકોને યાદો અને લાગણીઓની સંવેદનાઓમાં ડુબકી મરાવે છે. ફોટોગ્રાફર વૈલા તરફથી આપવામાં આવેલ કેટલીક તસ્વિરો લોકોને તેની વ્યક્તિગત વ્યાખ્યા કરવા મજબુર કરે છે, પરંતુ જ્યારે વિવિધ વ્યાખ્યાઓ એકરૂપ થાય છે, ત્યારે માનવ અનુભવનો જટિલ મોઝેઈકન પ્રગટ થાય છે.

રાજસ્થાનના એક પ્રતિભાસંપન્ન કલાકાર નિશા ધીન્વાએ પોતાના ઈન્ટોલેશન "મેટામોર્ફોસિસ" પર્યાવરણીય જીવોના જીવન ચક્ર ઉપર પ્રકાશ પાડે છે. તેઓ આપણા પર્યાવરણમાં જંતુઓ, પક્ષિઓ, વનસ્પતિના મહત્વ ઉપર ભાર મુકે છે. તેમની ઝીણવટભરી કલાકૃતિ આ સુક્ષ્મજીવોની રચના અને જટિલતાઓને કેપ્ચર કરે છે, સાથે જ તેમના મહત્વને રજુ કરવા માટે ફેશનના તત્વને ઉમેરે છે.

# હાલારના સક્રિય રઘુવંશી આગેવાન જીતુભાઈ લાલની પ્રમુખ તરીકેની વરણીને આવકારતા ખંભાળિયાના રઘુવંશી આગેવાનો



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૪

"હા પાડો, ને હાજર..." થી જાણીતા જામનગરના જીતુભાઈ લાલની સમગ્ર હાલાર લોહાણા સમાજના પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવતા તેમની આ વરણીને ખંભાળિયા પંથકના રઘુવંશી આગેવાનો, હોદ્દેદારો તથા કાર્યકરોએ હોંશભેર આવકારી છે.

જામનગર ખાતે ગઈકાલે રવિવારે લોહાણા સમાજની માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારીની સાતમી બેઠક યોજવામાં આવી હતી. જેમાં સમસ્ત હાલાર લોહાણા સમાજ યજમાન પદે રહ્યો હતો.

જામનગર ખાતે લોહાણા મહાપરિષદની યોજાયેલી આ કારોબારીની બેઠક શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠલાણીના વડપણ હેઠળ યોજવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યના રઘુવંશી સંસ્થાઓના આગેવાનો - હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ મહત્વની બેઠકમાં જામનગરના રઘુવંશી સેવાભાવી અગ્રણી તથા લોહાણા મહાજનના પ્રમુખ જીતુભાઈ લાલની સમસ્ત હાલાર પંથકના લોહાણા સમાજના પ્રમુખ તરીકેની વરણી કરતી જાહેરાત કરવામાં આવતા ઉપસ્થિત સૌ કોઈએ આ બાબતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

સમગ્ર હાલાર પંથકના જ્ઞાતિ પ્રમુખ જીતુભાઈ લાલની આ નિયુક્તિને ખંભાળિયા લોહાણા મહાજનના ટ્રસ્ટી પ્રતાપભાઈ દતાણી, અરૂણભાઈ મજીઠીયા, કમલેશભાઈ વિઠલાણી, દિનેશભાઈ દતાણી, પરાગભાઈ બરછા ઉપરાંત અનિલભાઈ તન્ના, કિશોરભાઈ દતાણી, પીઢ પત્રકાર રમણીકભાઈ રાડિયા, કુંજનભાઈ રાડિયા, જગુભાઈ રાયચુરા, યોગેશભાઈ તથા ભરતભાઈ મોટાણી, નીતિનભાઈ ગણાત્રા, જતીનભાઈ કુંડલીયા, મનુઅદા સોમૈયા જયેશભાઈ નથવાણી, તુલસીદાસભાઈ ભાયાણી, રાકેશભાઈ પંચમતીયા, કોર્પોરેટર મહેશ રાડિયા વિગેરેએ આવકારીને શુભકામનાઓ પાઠવી હતી.

# ખંભાળિયા નજીક મોટરકારની અડફેટે ગઢવી યુવાનનું કરુણ મૃત્યુ





(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયા તાલુકાના બેહ ગામે રહેતા મહેશ નારુભાઈ હરગાણી નામના ૨૮ વર્ષના ગઢવી યુવાન ગઈકાલે રવિવારે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યાના સમયે પોતાના જી.જે. ૩૭ એચ ૫૨૬૨ નંબરના મોટરસાયકલ પર બેસીને ખંભાળિયાથી બેહ ગામે જઈ રહ્યા હતા, ત્યારે આ માર્ગ પર પુરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૧૪ ઈ. ૫૯૧૨ નંબરના મારુતિ વેનના ચાલકે મહેશ હરગાણીના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

આ જીવલેણ ટક્કરમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહેશ ગઢવીનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ દેશુરભાઈ નારુભાઈ હરગાણી (ઉ.વ. ૪૨, રહે. બેહ)ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે મારુતિ વેનના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. વી.બી. પિઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# લોધિકા ખાતે રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૩ યોજાયો



(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૪

ગુજરાત સરકાર દ્વારા રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ લોધિકા ખાતે યોજાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્ર અને ગુજરાતના ખેડૂતલક્ષી યોજનાઓની સિદ્ધિઓ રાજકોટ જીલ્લા ભાજપના મંત્રી મનોજ રાઠોડ દ્વારા વર્ણવવામાં આવી.

આ રવિ કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત કિસાનોને સંબોધતા જીલ્લા ભાજપ મંત્રી અને પૂર્વ લોધિકા તાલુકા પંચાયત પ્રમુખ મનોજભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતના ખેડૂતના હિત માટે કૃષિ રથ તેમજ ગુજરાતના ખેડૂતો પગભર થઈ શકે તે માટે બજેટમાં કરોડોની જોગવાઈ કરવામાં આવી. અગાઉ ગુજરાતના ખેડૂતો પિયતના પાણી માટે વલખા મારતા હતા ત્યારે નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘદ્રષ્ટિથી ખેડૂતના ખેતર સુધી નર્મદાનું પાણી પહોચાડવામાં આવ્યું. અગાઉની ગુજરાત સરકારની યોજનાઓમાં વચેટીઓ તેમના ખીચ્ચા ભરતા હતા જયારે નરેન્દ્રભાઈના પગલે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી આઈ.ખેડૂત પોર્ટલ મારફત ગુજરાતના ખેડૂતોના ખાતામાં સીધા પૈસા જમા થવા લાગ્યા છે.

રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ કાર્યક્રમ અંતર્ગત લોધિકા તાલુકા ભાજપના અગ્રણી વિપુલભાઈ મોરડે કેન્દ્ર અને ગુજરાતની યોજનાઓનો લોધિકા તાલુકાના ખેડૂતો વધુમાં વધુ લાભ લે તેવી અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મંત્રી વિશાલભાઈ ફાગલીયા, તાલુકા પંચાયત પ્રમુખ વિલાસબેન વિપુલભાઈ મોરડ, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી, તાલુકા મહામંત્રીઓ મોહનભાઈ ખુંટ, દિલીપભાઈ ફૂગશીયા, જીલ્લા પંચાયત સભ્ય મોહનભાઈ દાફડા, જીલ્લા ભાજપ આગેવાન મુકેશભાઈ તોગડીયા, જીલ્લા અગ્રણી મનહરભાઈ બાબરીયા, જીલ્લા કિસાન મોરચા મહામંત્રી અનીરુદ્ધસિંહ ડાભી, કિસાન મોરચા પ્રમુખ પંકજભાઈ ગમઢાં, અનુ.જાતી મોરચા પ્રમુખ કિશોરભાઈ ખીમસૂરીયા, ઉમેશભાઈ પાંભર, તા.ન્યાય સમિતિ ચેરમેન રેખાબેન પરમાર, સુધાબેન વસોયા, ડેપ્યુટી કલેકટર દેવહુતીબેન, તાલુકા વિકાસ અધિકારી પી.આર.સિંધવ, મામલતદાર ભાડ સાહેબ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.અસ્થાના, નાયબ તાલુકા વિકાસ અધિકારી ગણાત્રાભાઈ સહીત તાલુકાભરના કાર્યકર્તાઓ તથા ખેડૂતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજને કાટકોલા સ્ટેશનથી લીલી ઝંડી બતાવતા સાંસદ પૂનમબેન માડમ

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૪

રેલવે મંત્રાલયના દ્વારા પોરબંદર-રાજકોટ-પોરબંદર ડેઈલી એક્સપ્રેસ ટ્રેન નં. ૧૯૫૭૨/૧૯૫૭૧ નું સ્ટોપેજ ભાવનગર ડિવિઝનના દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના "કાટકોલા" સ્ટેશન પર શરૂ થયું છે.

જામનગર - દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંસદ સભ્ય પૂનમબેન માડમ, જામ જોધપુરના પૂર્વ ધારાસભ્ય ચીમનભાઈ સાપરીયા સહિતના આગેવાનો દ્વારા ભાણવડ તાલુકાના કાટકોલા રેલ્વે સ્ટેશનથી ટ્રેનને લીલી ઝંડી બતાવીને હોલ્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, શનિવારે કાટકોલા રેલ્વે સ્ટેશનથી પોરબંદર-રાજકોટ-પોરબંદર ડેઈલી એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ શરૂ થયું છે. આ સ્ટોપના કારણે છાત્રો, યુવાઓ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને કનેક્ટિવિટીમાં ઘણી જ સરળતા રહેશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ભાણવડ, લાલપુર અને જામજોધપુર રેલવે સ્ટેશનનો અમૃત સ્ટેશનમાં સમાવેશ થતાં સ્ટેશનો સુવિધાથી સુસજ્જ થશે.

ભાવનગર ડિવિઝનના સીનિયર ડી.સી.એમ. માશૂક અહમદના જણાવ્યા મુજબ, પોરબંદરથી રાજકોટ સુધી દોડતી પોરબંદર-રાજકોટ ડેઈલી એક્સપ્રેસ ટ્રેનનો આગમનનો સમય બપોરે ૦૩:૧૫ વાગ્યાનો છે. તેમજ રાજકોટ-પોરબંદર ડેઈલી



એક્સપ્રેસ ટ્રેનનો કાટકોલા રેલ્વે સ્ટેશન પર આગમન નો સમય ૧૦:૩૩ નો છે.

આ પ્રસંગે ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર સહિત મંડળના અન્ય અધિકારીઓ, અગ્રણીઓ અને કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા અંતર્ગત બસ સ્ટેશનની સાફ-સફાઈ હાથ ધરાઈ

(કુંજન રાડીયા દ્વારા)
જામખંભાળીયા તા.૪

રાજ્યમાં હાલ ચાલી રહેલી સફાઈ ઝુંબેશ અંતર્ગત સમગ્ર રાજ્યના તમામ બસ સ્ટેશન સ્ટેશનમાં શનિવારે કરવામાં આવેલા સફાઈ કાર્યમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલા એસટી બસ ડેપો ખાતે પણ શનિવારે "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા" અભિયાન અંતર્ગત સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા વિઝનને ચરિતાર્થ કરવા અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની ખાસ ઉપસ્થિતિમાં બસ સ્ટેશનના તમામ ભાગોને ચોખ્ખા ચણક બનાવી દેવામાં આવ્યા હતા. આ કેમ્પેન દરમિયાન જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના પી.એસ. જાડેજા, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ ઘનશ્યામસિંહ જાડેજા, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, હરિભાઈ નકુમ સહિતના મહાનુભાવો ખાસ જોડાયા હતા અને સ્વચ્છતા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.

સમગ્ર આયોજન માટે સ્થાનિક એસટી તંત્ર દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો, હોદ્દેદારો તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઝુંબેશ આગામી તા. ૩૧ ડિસેમ્બર સુધી ચલાવવામાં આવશે.

# ઉનામાં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છતીસગઢમાં ભાજપના જવલંત વિજયની ઉજવણી



(નવીન જોષી દ્વારા) ઉના તા.૪

લોકસભાની સામાન્ય ચુંટણીઓ પહેલા નવેમ્બર મહિનામાં યોજાયેલ પાંચ રાજયોની સામાન્ય ચુંટણીઓમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા છત્તીસગઢમાં ભારતીય જનતા પાર્ટીના જ્વલંત વિજયની ઉજવણી ઉનાનાં ધારાસભ્ય કાળુભાઇ રાઠોડની આગેવાની કરવામાં આવી હતી. ઉના નગરપાલિકા ભવન તથા ટાવર ચોક ખાતે ભવ્ય આતશબાજી સાથે યોજાયેલ. આ વિજયોત્સવમાં નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ રાજુભાઈ, શહેર ભાજપા પ્રમુખ મિતેષભાઈ શાહ, નગરપાલિકાના ઉપપ્રમુખ મયંકભાઈ જોશી, કારોબારી સમિતિના ચેરમેન ધીરૂભાઈ છગ, શહેર યુવા મોરચાના પ્રમુખ હિરેનભાઈ સોલંકી, મહામંત્રી કિરીટભાઈ વાજા તથા ચંદ્રેશભાઈ જોષી સહિત નગરપાલીકાના સદસ્યો, સંગઠનના હોદ્દેદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ખંભાળિયા નજીક ટ્રકની ટક્કરમાં રીક્ષા ચાલક આધેડનું કરૂણ મૃત્યું



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયામાં ધરારનગર વિસ્તારમાં આવેલા ગોવિંદ તળાવ ખાતે રહેતા સુલેમાનભાઈ ઈસ્માઈલભાઈ અભુવારા નામના આશરે ૫૫ વર્ષના આધેડ શનિવારે મોડી સાંજે ખંભાળિયા - જામનગર હાઈવે પર અત્રેથી આશરે પાંચ કિલોમીટર દૂર ટી પોસ્ટ પાસેથી પોતાની જી.જે. ૧૦ ટી.ડબલ્યુ. ૬૩૭૨ નંબરની ઓટો રીક્ષા લઈને જઈ રહ્યા હતા, ત્યારે આ માર્ગ પરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૧૦ ટીવાય ૯૧૫૧ નંબરના એક ટ્રકના ચાલકે સુલેમાનભાઈની રીક્ષા સાથે ધડાકાભેર અકસ્માત સર્જયો હતો.

આ જીવલેણ ટક્કરમાં સુલેમાનભાઈને માથાના ભાગે તથા શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતના કારણે રિક્ષાનો બુકડો બોલી ગયો હતો.

આ બનાવ અંગે મૃતકના પુત્ર અલ્તાફભાઈ સુલેમાનભાઈ અભુવારા (ઉ.વ. ૩૨, રહે. ધરારનગર) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે ટ્રકના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે જૂનાગઢમાં દિવ્યકાન્ત નાણાવટી : ભુલાય તે પહેલા 'સ્મૃતિ ગ્રંથનું વિમોચન કર્યુ

## દિવ્યકાન્તભાઈ નાણાવટીએ સમાજસેવાના અનેક કાર્યો કર્યા છે : કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ





જૂનાગઢ, તા.૪

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ જૂનાગઢમાં ભવનાથ સ્થિત રૂપાયતન સંસ્થા ખાતે જૂનાગઢના પ્રખર ધારાશાસ્ત્રી અને પૂર્વ મંત્રી દિવ્યકાંત નાણાવટીના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તો રૂપાયતન દ્વારા આયોજિત સ્મૃતિ પર્વમાં ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે સ્વ. દિવ્યકાન્ત નાણાવટીના જીવન કાર્યને ઉજાગર કરતા સ્મૃતિ ગ્રંથ દિવ્યકાત નાણાવટી : ભુલાય તે પહેલાનું વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે દિવ્યકાન્તભાઈ નાણાવટીએ સમાજસેવાના અનેક કાર્યો કર્યા છે. જૂનાગઢ નગરનાએ સમયના મુખ્ય વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરીને કેન્દ્રીય ગૃહ મંત્રીએ તેમનું સ્મરણ કાયમ રહેશે તેમ જણાવ્યું હતું. દિવ્યકાન્તભાઈ નાણાવટીનું વ્યક્તિત્વ ભુલાય તેવું નથી. વધુમાં તેઓએ સ્વ. દિવ્યકાન્તભાઈ નાણાવટીના પુત્ર નિરૂપમભાઈ નાણાવટી સાથેની મિત્રતા અને તેમની વ્યવસાયિક કાર્ય નિષ્ઠાનો ઉલ્લેખ કરીને રૂપાયતન દ્વારા ઉજવાયેલા આ સ્મૃતિ પર્વ પ્રસંગે રૂપાયતન ખાતે ઉપસ્થિત થવા અંગે ખુશી વ્યક્ત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ આદિકવિ નરસિંહ મહેતા અને જૂનાગઢના સંદર્ભમાં સગૌરવ જણાવ્યું હતું કે નરસિંહ મહેતા મહેતાએ વેદ ઉપનિષદને સરળ શબ્દોમાં લોકોને સમજાવી સાહિત્ય ક્ષેત્રે તેમનું બહુ મોટું પ્રદાન છે. કેન્દ્રીય મંત્રી એ નરસિંહ મહેતાના પદોને યાદ કરીને અસ્પૃશ્યતા સામે તેમની સામાજિક સેવાની સુધારણાને પણ પ્રેરણાદાયી ગણાવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જૂનાગઢના પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવીનું લોકસાહિત્ય ક્ષેત્રે યોગદાન અને પદ્મશ્રીથી સન્માન સંદર્ભે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર ગુજરાત અને સમગ્ર દેશના વિવિધ રાજયોમાં સાહિત્ય કલા ક્ષેત્રે યોગદાન આપનારાને તેમની ઉત્કૃષ્ટ સેવાને યાદ કરીને સન્માનિત કરવામાં આવ્યા છે તે અંગે ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.આ પ્રસંગે રૂપાયતનના અધ્યક્ષ નિરૂપમભાઈ નાણાવટીએ અમિતભાઈ શાહ રૂપાયતનના આંગણે પધાર્યા તે અંગે આભાર સાથે ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રૂપાયતનના ઉપપ્રમુખ કમલેશભાઈ જોશીપુરાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. નિરૂપમભાઈ નાણાવટી અને રૂપાયતન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી હેમંતભાઈ નાણાવટીએ તેમજ તેમના પરિવારજનોએ કેન્દ્રીય ગૃહ મંત્રીનું સ્મૃતિચિન્હ આપીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આર્ટિસ્ટ રજનીકાંત અગ્રાવત અને નીરૂબેન સોઢાતર દ્વારા મંત્રીને તેમનું રેખાચિત્ર અર્પણ કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કવિ અંકિત ત્રિવેદી અને આભાર વિધિ હેમંત નાણાવટીએ કરી હતી. પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણે નરસિંહ મહેતાના પદો સાથે ભજનપદની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમનું સંકલન રૂપાયતનના ટ્રસ્ટી ભારત મજમુદાર, શશી નાણાવટી, રમેશ મહેતા દાદુભાઈ કનારા અને ટીમે કર્યું હતું. સ્મૃતિ ગ્રંથના સંપાદકો ધીરેન અવાસીયા, રમેશ મહેતા અને હેમંત નાણાવટી છે. આ પ્રસંગે રાજ્ય સભાના સાંસદ પરિમલભાઈ નથવાણી, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ મંત્રી પ્રદિપસિંહ જાડેજા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ડોલરભાઈ કોટેચા, દિનુભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ તેમજ સાધુ સંતો, તબીબો ,ધારાશાસ્ત્રીઓ, સાહિત્યકારો, પદાધિકારીઓ અને સાહિત્યરસિકો, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ

## કેન્દ્રીય ગૃહમંત્રીએ દેવાધિદેવ મહાદેવ સમક્ષ જનકલ્યાણ અને લોકસુખાકારી માટે પ્રાર્થના કરી





ગીર સોમનાથ, તા.૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના ત્રિવેણી સંગમ સમા પ્રથમ જયોતિર્લિંગ એવા દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી હતી. મહાદેવના દર્શન કરી ગૃહમંત્રીશ્રીએ સોમેશ્વર મહાપૂજા, ધ્વજાપૂજા અને પાઘપૂજા કરી હતી. તેમણે દેવાધિદેવના ચરણોમાં લોકસુખાકારી તેમજ જનકલ્યાણ માટેની પ્રાર્થના પણ કરી હતી.

સોમનાથ મંદિરના પંડિતો અને ઋષિકુમારોએ શ્લોકોચ્ચાર વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રીને તેમના ધર્મપત્ની સાથે સોમનાથ મહાદેવની પૂજા-અર્ચના કરાવી હતી. ગૃહમંત્રીએ મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક કરવા સાથે ધ્વજા આરોહણ કરાવ્યું હતું. આ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીને દર માસની માસિક શિવરાત્રિએ હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞનો સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રીની સોમનાથ મુલાકાત દરમ્યાન સોમનાથ ટ્રસ્ટના સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, જિલ્લા કલેકટર એચ.કે.વઢવાણિયા, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે, પ્રાંત અધિકારી કે.વી.બાટી, અગ્રણી મહેન્દ્રભાઈ પીઠિયા, દિલિપ બારડ સહિતના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જીલ્લાના સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે રીવ્યુ બેઠક યોજી

## જૂનાગઢ જીલ્લાના જીવાદોરી સમાન ઓઝત ૨ ડેમની મુલાકાત કરી અને સિંચાઈ અને પાણી વિતરણ બાબતોની સમીક્ષા કરી





જૂનાગઢ, તા.૪

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાના સિંચાઈ વિભાગના અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે સિંચાઈની વ્યવસ્થા અંગે રીવ્યુ બેઠક યોજી હતી. જૂનાગઢના સર્કિટ હાઉસ ખાતે આ યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ આગામી રવી પાકમાં ખેડૂતોને સિંચાઈનો મહત્તમ લાભ મળે તે મુજબનું આયોજન કરવા અધિકારીઓને સૂચના આપી હતી.તેમજ કેનાલ મરામત અને જાળવણીની ફરિયાદો દૂર કરવા, નવા ચેક ડેમની દરખાસ્ત - રીપેરીંગની માહિતી પણ મેળવી હતી.આ ઉપરાંત સિંચાઈ વિભાગના ચાલુ કામોની પ્રગતિ, શરુ કામના પશ્નોના નિવારણ અને સૂચિત કામોની મંજૂરીઓ બાબતે પણ સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ દરિયાકાંઠાવાળા વિસ્તારમાં ઉચ્ચકક્ષાએથી કમિટી દ્વારા સૂચવાયેલા કામો, લોકોની રજૂઆત કરવામાં આવી હોય એ કામોની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. હાલમાં પ્રગતિ હેઠળ સૌની યોજના લિંકની પ્રગતિ બાબતે વિગતવાર ચર્ચા અને સત્વરે પૂર્ણ કરવા બાબતે આયોજન ઘડવા પણ અધિકારીઓને મંત્રી શ્રી એ સૂચના આપી હતી. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ ગિરનાર જંગલની આસપાસ ઝાડના કટીંગ, વધાવી અને સોનરખ નદી ઉપર તૂટી ગયેલા ચેકડેમનું રીપેરીંગ, તેમજ પાણીમાં કાપ બાબતે પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના ઉકેલ માટે મંત્રીશ્રીએ અધિકારીઓને સૂચના આપી હતી.તેમણે જૂનાગઢ શહેરને ભવિષ્યમાં પાણીની તંગીના સર્જાય તે હેતુથી નજીકમાં ઓજત નદીમાં આધુનિક ટેકનોલોજી વાળો રબર ડેમ બનાવવા બાબતે જરૂરી સર્વે કરવા જણાવ્યું હતુ. મીટીંગ પૂર્ણ થયા બાદ મંત્રીએ સિંચાઈ વિભાગ અને પાણી પુરવઠા વિભાગના કામોની સ્થળ મુલાકાત અવલોકન કર્યુ હતુ. તેમજ સિંચાઈ વિભાગના જૂનાગઢ જિલ્લાના સૌથી મોટા જીવાદોરી સમાન ઓઝત ૨ ડેમની મુલાકાત કરી અને સિંચાઈ અને પાણી વિતરણ બાબતોની સમીક્ષા કરી હતી.

# ખડક ચઢાણ બેઝિક કોર્ષ કરેલ પર્વતારોહકો માટે ડુંગરાળ પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવાની ઉમદા તક

જૂનાગઢ, તા. ૪

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત ડુંગરાળ વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન તારીખ ૩૧/૧/૨૦૨૪ થી ૯/૨/ ૨૦૨૪ સંપુર્ણ સરકારી ખર્ચે જૂનાગઢ ખાતે થનાર છે.

જેમાં વય મર્યાદા :- ૧૪ થી ૪૫ વર્ષ, સમયગાળો :- ૧૦ દિવસ રહેશે. આ અંગેનું નિયત ફોર્મ **Face Book Page : SVIM ADMINISTRATION** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજી ફોર્મ જરૂરી પુરાવા સાથે તા.૮/૧/ ૨૦૨૪ સુધીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વાતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ ખાતે રૂબરૂ અથવા પોસ્ટમાં મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે, ફોર્મ સાથે જન્મનો પુરાવો, નિવાસ અંગેનું આધાર કાર્ડ, બેઝિક કોર્ષ પ્રમાણપત્ર, મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર, વાલીનું સંમતીપત્ર સાથે જોડવાનું રહેશે, ઓછામાં ઓછો બેઝિક કોર્ષ કરેલ હોય તેઓ એ જ અરજી કરવાની રહેશે. અધૂરી વિગતવાળા ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહીં, કોચીંગ કોર્ષ કરેલને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે, વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નં. ૦૨૮૫-૨૬૨૭૨૨૮ માં સંપર્ક કરવાનો રહેશે.

# સોરઠીયા વાણંદ જ્ઞાતિના કેલેન્ડરનું વિમોચન





જૂનાગઢ, તા.૪

જૂનાગઢ ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા ૨૦૨૪નું જગન્નાથજીનાં સ્વરૂપ વાળું આકર્ષક કેલેન્ડરનું વિમોચન અંબાજી મંદિરનાં મોટાપીર બાવા તનશુખગિરીબાપુનાં હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, મંત્રી રાજુભાઈ ચુડાસમા, પૂજારી હિતેષભાઈ પુરોહિત સહીતનાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા અંગે તડામાર તૈયારી

## હૃદય રોગ સંબંધી બનાવોને ધ્યાનમાં રાખી ગિરનાર સ્પર્ધાના સ્પર્ધકો માટે વધારાની હેલ્થ ટીમ તૈનાત રખાશે



### કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ગિરનાર સ્પર્ધાના સુસારૂ આયોજન માટે બેઠક યોજાઈ

જૂનાગઢ, તા.૪

અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા- ૨૦૨૩-૨૪ તથા અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૩-૨૪ની પૂર્વ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. આ સંદર્ભે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં કલેકટરે વધતા જતા હૃદય રોગ બનાવોને ધ્યાનમાં રાખી વધારાની હેલ્થ ટીમ ઉપલબ્ધ રાખવા માટે સૂચના આપી હતી. સાથે જ ગિરનાર સ્પર્ધા સાથે સંકળાયેલાઓને સીપીઆરની તાલીમ આપવા માટે પણ જણાવ્યું હતું. જેથી ઈમરજન્સીની સ્થિતિમાં સ્પર્ધકોને મદદ આપી શકાય.ઉપરાંત ગિરનાર સ્પર્ધા માટે સ્પર્ધકોને અગવડતા ન થાય તે માટે સાફ-સફાઈ, જરૂરી મરામત કાર્ય અને જાડી જાખરા દૂર કરવા માટે પણ સૂચના આપી હતી. ખાસ કરીને સ્પર્ધકોની સલામતી જળવાઈ રહે તે માટે જરૂરી તકેદારી લેવા સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત પીવાના પાણી માટેની પણ જરૂરી વ્યવસ્થા કરવા માટે નિર્દેશ આપ્યા હતા. આ સ્પર્ધાઓના સફળ આયોજન માટે ૮ કમિટીઓની પણ રચના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા દર વર્ષની જેમ આ વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે અને અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ફેબ્રુઆરી માસના પ્રથમ રવિવારે યોજાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયાબ વન સંરક્ષક પ્રશાંત તોમર, ડેપ્યુટી કમિશ્નર ઝાંપડા, યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ઓનલાઈન દવા વેચાણમાં નિયંત્રણ જરૂરી છે

કોઈ લોકતાંત્રિક વ્યવસ્થામાં એ વ્યથિત કરનારી સ્થિતિ છે કે જનહિતના મુદ્દાઓને સરકારે પ્રાથમિકતાના આધારે સંવેદનશીલ રીતે ઉકેલવા જોઈએ, પરંતુ એના પર કોર્ટે પહેલ કરવી પડી રહી છે. એવા કેટલાય મુદ્દાઓ સાથે હવે ઓનલાઈન દવા વેચાણનો મુદ્દો પણ જોડાઈ ગયો છે. દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને કડક શબ્દોમાં કહ્યું કે સરકાર માટે આ આખરી મોકો છે. તે આઠ અઠવાડિયામાં ઓનલાઈન દવા વેચાણ નીતિ બનાવે. લાંબા સમયથી મુદ્દો લટકાવવાથી ક્ષુબ્ધ કોર્ટે ચેતવણી આપી કે જો સરકારે નીતિ સમયસર ન બનાવી તો આ વિભાગને જોઈ રહેલા સંયુક્ત સચિવે આગામી ૪ માર્ચે અદાલતમાં જવાબ આપવા આવવું પડશે. દિલ્હી હાઈકોર્ટમાં કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ મનમોહન અને ન્યાયમૂર્તિ મિની પુષ્કરણાની પીઠે નારાજગી વ્યક્ત કરી કે આ નીતિને બનાવવા માટે સરકાર પાસે પર્યાપ્ત સમય હતો, પરંતુ સરકારે મુદ્દાની ગંભીરતા ન સમજી. પાંચ વર્ષનો સમય કોઈ નીતિના નિર્ધારણ માટે પર્યાપ્ત હોય છે.

અસલમાં સરકારના વલણથી ખિન્ન અદાલતે કેન્દ્રને કડક ચેતવણી આપી કે તે આખરી મોકા રૂપે ફક્ત આઠ અઠવાડિયામાં નીતિને અંતિમ રૂપ આપે. ઉલ્લેખનીય છે કે આના પહેલાં દિલ્હી હાઈકોર્ટે એ અરજીઓ બાબતે જવાબ માગ્યો હતો, જે ઓનલાઈન વેચવામાં આવતી દવાઓના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે દાખલ કરવામાં આવી હતી. અરજીકર્તાઓનો આરોપ હતો કે ઓનલાઈન દવાઓનું વેચાણ કાયદાનું ગંભીર ઉલ્લંઘન છે. સાથે જ એ પણ કે આ દવાઓ કોઈ યોગ્ય નિયમન વગર ઓનલાઈન વેચાઈ રહી છે. પરંતુ લોકોના સ્વાસ્થ્ય પર પડનારા દુષ્પ્રભાવોની અવગણના કરવામાં આવી રહી છે. અરજીકર્તાઓમાં સામેલ સાઉથ કેમિસ્ટ અને ડિસ્ટ્રીબ્યુટર્સ એસોસિએશનની માંગ હતી કે હાઈકોર્ટના આદેશ બાદ પણ દવાઓના વેચાણ પર રોક ન લગાવવા પર ઈ-ફાર્મસી કંપનીઓ વિરુદ્ધ અવમાનના કાયદા અંતર્ગત કાર્યવાહી કરવી જોઈએ. અસલમાં, આના પહેલાં ઓગસ્ટમાં કોર્ટ દ્વારા પૂછાતાં કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે આ વિષય પર નિયમોના મુસદ્દા પર હાલમાં વિચાર-વિમર્શ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે ત્યારે મુખ્ય ન્યાયાધીશ સતીશચંદ્ર શર્મા અને ન્યાયમૂર્તિ સંજીવ નરુલાની પીઠે વચગાળાનો નિર્દેશ આપતાં કહ્યું હતું કે કાયદેસર લાયસન્સ વિના ઓનલાઈન દવાઓ વેચવા પર રોક બાબતે કોર્ટના ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ના આદેશનું ઉલ્લંઘન કરનારાઓ પર કેન્દ્ર અને રાજ્ય સરકારો આગામી સુનાવણી પહેલાં જરૂરી કાનૂની કાર્યવાહી કરે. ત્યારે પણ કોર્ટે વાસ્તવિક સ્થિતિ પર રિપોર્ટ રજૂ કરવા માટે કેન્દ્ર સરકારને કહ્યું હતું.

અસલમાં અરજી દાખલ કરનારાઓએ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના નિયમોના મુસદ્દાને પડકાર આપ્યો હતો કે જેના દ્વારા ઔષધિ અને સૌંદર્ય પ્રસાધન નિયમોમાં સંશોધન કરાઈ રહ્યા છે. ત્યારે ઓનલાઈન દવાઓના વેચાણથી દર્દીઓના સ્વાસ્થ્ય માટે પેદા થયેલ ખતરાની અવગણનાનો આરોપ પણ લાગ્યો હતો. જ્યારે બીજી તરફ ભૂતકાળમાં અદાલતની કાર્યવાહીમાં સુનાવણી દરમ્યાન ઓનલાઈન વિક્રેતાઓએ દલીલ કરી હતી કે તેમને દવાઓ વેચવા માટે લાયસન્સની જરૂર નથી. તે તો માત્ર ફૂડ ડિલીવરી કરનારી એપની જેમ જ દવાઓ ડિલીવર કરી રહી છે. જે રીતે એ એપ્સને ચલાવવા માટે રેસ્ટોરાંનું લાયસન્સ જરૂરી નથી, એવી જ રીતે ઈ-ફાર્મસીને પણ ગ્રાહકો સુધી દવાઓ પહોંચાડવા માટે લાયસન્સ લેવાની જરૂર ન હોવી જોઈએ. નિઃસંદેહ, એવા કોઈ તર્ક સાથે સહમત થવું કઠિન છે કારણ કે દવાના વેચાણથી કોઈના જીવન-મરણનો પ્રશ્ન જોડાયેલો છે. જેની જવાબદારી નક્કી થાય. નિશ્ચિત રૂપે સરકારની નજર એવી વેબસાઈટો પર હોવી જોઈએ જે ઓનલાઈન દવા વેચાણના ધંધા સાથે જોડાયેલી છે. અસલમાં ઓનલાઈન દવા વેચનારી કંપનીઓ ગ્રાહકોને ભારે છૂટ પણ આપે છે, જેને કારણે દુકાનદાર તેના વિરુદ્ધ અવાજ બુલંદ કરી રહ્યા છે. તેમની માંગ છે કે આવી વેબસાઈટોને ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ ૨૦૦૦ના નિયમોનું પાલન કરવા માટે મજબૂર કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ દવાઓના ઓનલાઈન વેચાણ પર અસ્થાયી પ્રતિબંધ લગાવી દીધો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્ય તેના સારા આચરણ અને સારા ગુણને કારણે જ ઓળખાય છે.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૭, તા.૪ ડિસેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૦, મઘા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૦૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ગિરનારની લીલી પરિક્રમાના રૂટ પર વધુ ૭.૫ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરાયો





જૂનાગઢ તા.૪

જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢ તળેના ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાં ચાલુ વર્ષે ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૩ અંતર્ગત પરિક્રમામાં આવેલ શ્રધ્ધાળુઓ દ્વારા પરિક્રમા રૂટના જંગલ વિસ્તારમાં ફેંકવામાં આવેલ પ્લાસ્ટિક તથા કચરાના નિકાલ માટે નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢની સુચના અને માર્ગદર્શન હેઠળ આજ રોજ પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ડુંગર દક્ષિણ પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં આવતા બોરદેવી ગેઈટ થી ખોડીયાર ઘોડી સુધીના પરિક્રમા રૂટ પર વન વિભાગના ૧૫ મજુરો દ્વારા ૭૦૦ કિ.ગ્રા. તેમજ બોરદેવી રાઉન્ડના તમામ વિસ્તારમાં પરિક્રમા રૂટ પરથી હ્યુમિનિટી ફર્સ્ટ, જૂનાગઢના ૨૦ લોકોએ ૩૫૦ કિ.ગ્રા., ભારત વિકાસ પરિષદ, માણાવદરના ૨૦ લોકોએ ૪૦૦ કિ.ગ્રા., નેચર ફર્સ્ટ, જૂનાગઢના ૫૦ લોકોએ ૯૦૦ કિ.ગ્રા., જેઠીમાનો મઢ, કેશોદના ૩૦ લોકોએ ૬૦૦ કિ.ગ્રા., રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના ૭૫ લોકોએ ૮૦૦ કિ.ગ્રા., ગિરનારી ગ્રુપ, જૂનાગઢના ૨૦ લોકોએ ૨૦૦ કિ.ગ્રા., નિસર્ગ નેચર એન્ડ એડવેન્ચર, જામનગર અને વન વિભાગના મજુરો મળી ૩૫ લોકોએ ૪૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરતા આજ રોજ ઉકત બંને વિસ્તારોમાંથી કુલ ૪.૩૫ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરવામાં આવેલ છે. પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ડુંગર ઉત્તર પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં જાંબુડી રાઉન્ડમાં પીપરવાલી કુંડી થી ઈટવા ઘોડી વિસ્તારમાં વસુંધરા નેચર કલબના ૧૩ લોકોએ ૧ ટન, માળવેલા ઘોડી વિસ્તારમાં ૧૫ મજુરોએ ૨ ટન, પાટવડ રાઉન્ડ માળવેલા ઘોડી ઉતરતા વિસ્તારમાં ભગતસિંહ ગ્રુપના ૧૯ લોકોએ ૨ ટન, હથેળી થી માળવેલા ઘોડી વિસ્તારમાં ૧૫ મજુરોએ ૧.૫ ટન, નળપાણીની ઘોડી ચઢાણવાળા વિસ્તારમાં સામતપરા ગામના ૩૨ લોકોએ ૧ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરતા ઉકત વિસ્તારોમાંથી કુલ ૭.૫ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરવામાં આવેલ છે. આમ, વન વિભાગના સ્ટાફ, મજુરો, અલગ-અલગ સંસ્થાઓ અને આસપાસના ગ્રામજનો સાથે મળી ગિરનાર લીલી પરિક્રમા રૂટ પરથી અંદાજિત ૧૧.૮૫ ટન જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## ખંભાળિયાના સેવાભાવી અગ્રણીની સુપુત્રી આસ્થા બરછાની ગૌરવપૂર્ણ સિદ્ધિઃ ઈસરોના ચેરમેન સોમનાથના હસ્તે ભવ્ય સન્માન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયાના પીઢ સેવાભાવી દાતા સદગૃહસ્થ સ્વ. અરવિંદભાઈ બરછાની પૌત્રીએ ઈસરોના ચેરમેન એસ. સોમનાથના હસ્તે ખાસ એવોર્ડ મેળવીને સમગ્ર હાલાર પંથક સાથે રઘુવંશી જ્ઞાતિનું નામ ગૌરવ વધાર્યું છે. ખંભાળિયાની શૈક્ષણિક તથા વિવિધ સેવા




સંસ્થાઓ સાથે સંકળાયેલા તેમજ ખંભાળિયા લોહાણા મહાજનના ટ્રસ્ટી અને જાણીતા ઉદ્યોગપતિ પરાગભાઈ બરછાની સુપુત્રી આસ્થા બરછા તાજેતરમાં ગાંધીનગરની પંડિત દિન દયાલ એનર્જી યુનિવર્સિટીમાંથી બીબીએ ઓનર્સ અવ્વલ નંબરે થયેલ છે. જેને યુનિવર્સિટી દ્વારા માર્કેટિંગ વિષયમાં ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. આ મેડલ તાજેતરમાં 'ચંદ્રયાન ૩' અને 'આદિત્ય' જેવા સફળ પ્રોજેક્ટથી વિશ્વભરમાં જાણીતા બનેલા ઈસરોના ચેરમેન ડો. એસ. સોમનાથના વરદ હસ્તે અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યો હતો. આસ્થા બરછાની આ ઝળહળતી અને નોંધપાત્ર સિદ્ધિ બદલ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ રઘુવંશી જ્ઞાતિના જ્ઞાતિ આગેવાનો વિગેરેએ આવકારીને શુભેચ્છાઓ પાઠવી છે.

## સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ માખીયાળા ખાતે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી



જૂનાગઢ તા.૪

માખીયાળા ખાતે આવેલ સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ સંસ્થા ખાતે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંત શ્રી કંવરરામ સાહેબ યુવક મંડળ માણાવદર તથા સિન્ધી રીયાસત જનરલ પંચાયત જૂનાગઢ તેમજ શ્રિ અખીલ સૌરાષ્ટ્ર સિન્ધી પંચાયત રાજકોટના સંયુકત ઉપક્રમે વિકલાંગ દિકરીઓના લાભાર્થે ચેરીટી શોના ઉપક્રમે સંગીત સંધ્યાનું પણ આયોજન થયું છે. સંત શ્રી સુખદેવલાલજી શ્રી ગુરૂમંદીર, પુર્વ કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, અખીલ ભારતીય લાડી લોહાણા પંચાયતના પુર્વ પ્રમુખ કાળુભાઈ સુખવાણી અને ડો.ચિંતન યાદવ સહિતના મહાનુભાવો આ તકે ઉપસ્થિત રહયા હતા.

## માંગરોળ ખાતે ત્રણ રાજયોમાં ભાજપને બહુમતી મળતા ઉજવણી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૪

ગઈકાલે ચાર રાજ્યના આવેલા ચુંટણી પરિણામમાં ત્રણ રાજ્ય મા ભારતીય જનતા પક્ષે સ્પષ્ટ બહુમતી સાથે જવલંત વિજય પ્રાપ્ત કરેલ તે સબબ માંગરોળના લોકપ્રિય ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાના કાર્યાલય પાસે ભારતીય જનતા પક્ષના કાર્યકરો સાથે ધારાસભ્યએ ફટાકડા ફોડી ખુશી સાથે જીતની ઉજવણી કરી અને એકબીજા ને અભિનંદન આપેલ.

## રાષ્ટ્રપતિ એ વર્ષ ૨૦૨૩ માટે વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કારો અર્પણ કર્યા

નવી દિલ્હી તા. ૪ : નવી દિલ્હીમાં વિકલાંગ વ્યક્તિઓના આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે વર્ષ ૨૦૨૩ માટે વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના રાષ્ટ્રીય પુરસ્કારો અર્પણ કર્યા. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતુ કે દિવ્યાંગજનોના સશક્તિકરણ માટેના રાષ્ટ્રીય પુરસ્કારો એ દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે પ્રશંસનીય માધ્યમ છે કારણ કે વ્યક્તિગત અને સંસ્થાકીય કાર્યને માન્યતા આપવાથી દરેકને પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેમણે કહ્યું કે વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનારા દિવ્યાંગજનોએ અન્ય દિવ્યાંગજનોને તેમની શ્રેષ્ઠ ક્ષમતા મુજબ મદદ કરવી જોઈએ.

રાષ્ટ્રપતિએ કહ્યું કે વિશ્વની કુલ વસ્તીના લગભગ ૧૫ ટકા વિકલાંગ વ્યક્તિઓ છે અને તેમનું સશક્તિકરણ ઉચ્ચ પ્રાથમિકતા છે. તેઓ નોંધીને ખુશ હતાં કે છેલ્લા કેટલાક વર્ષોમાં, વિકલાંગ વ્યક્તિઓ પ્રત્યે સમાજના વલણમાં પરિવર્તન આવ્યું છે.

## માંગરોળ ખાતે વિશ્વ એઈડસ દિવસની ઉજવણીના ભાગરૂપે ક્રિકેટ મેચ યોજાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૪

G.S.A.C.S. અમદાવાદ સુચના અન્વયે ૧ ડિસેમ્બર ૨૦૨૩ વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીના ભાગ રૂપે તાલુકા આરોગ્ય વિભાગ માંગરોળ અને આઈ. સી. ટી. સી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર માંગરોળ જીલ્લો-જુનાગઢ દ્વારા જિલ્લા ટી.બી. અધિકારી ડો.વ્યાસ અને માંગરોળ તાલુકા આરોગ્ય અધિકારી ડો.ડાભી તેમજ સરકારી હોસ્પીટલના અધિક્ષક ડો.ગરીબા અને દિશા ડાપકું જુનાગઢના માર્ગદર્શન હેઠળ માંગરોળ ICTC સ્ટાફ પ્રતાપસિંહ પરમાર અને કરીમખાન પઠાણ દ્વારા માંગરોળ ટાવર ગ્રાઉન્ડ ખાતે તા.૩/૧૨/૨૦૨૩ ના રોજ ડોકટર અને આરોગ્ય કર્મચારીઓનો ક્રિકેટ મેચ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેચ ચાલુ થાય તે પહેલા માંગરોળના જાણીતા ડોકટર અને ટીમના કેપ્ટન ડો.આશિષ ઠાકોર દ્વારા તમામ ખેલાડીઓને રેડ રિબન લગાવી અને એક મિનિટનું મોન રાખી HIV/AIDS થી મૃત્યુ પામનારા લોકોને શ્રદ્ધાંજલી પાઠવી હતી.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૪-૧૨-૨૦૨૩ થી ૧૦-૧૨-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિકતા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

કાર્યની અધિકતાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબાંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

# અમેરિકાએ મૂકેલા તહોમતનામામાં સમગ્ર ઉત્તર અમેરિકામાં અનેક ભારતીયોની હત્યાના કાવતરા કરાયાનો આક્ષેપ કરવામાં આવ્યા



(એજન્સી) તા.૪

ઉત્તર અમેરિકામાં બહુવિધ હત્યાઓ કરવા માટે ભારત સરકાર સાથે સંકળાયેલા કથિત કાવતરા અંગેની વિગતો સાથે અભૂતપૂર્વ યુએસ ફોજદારી આરોપો કરવામાં આવ્યા છે. ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા સામે ન્યૂયોર્ક રાજ્યમાં દાખલ કરાયેલા હત્યાના આરોપમાં કદાચ સૌથી આશ્ચર્યજનક આરોપમાં એવો દાવો છે કે, કેનેડાની ધરતી ઉપર આવી ત્રણ હત્યાઓ કરવાની યોજના હતી. જાહેર કરાયેલા આ આરોપમાં ગુપ્તા ઉપર આરોપ મૂક્યો છે કે, તેણે આ વર્ષે ભારત સરકારના કર્મચારી પાસેથી સૂચના મળ્યા બાદ ન્યૂયોર્કમાં એક હત્યાની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ આરોપોમાં ન્યૂયોર્ક સિટીમાં કથિત સ્કીમ સામેલ છે. યુએસ પ્રોસિક્યુટર્સે આરોપ લગાવ્યો છે કે, તે એવા કેસ સાથે જોડાયેલ છે જેના લીધે કેનેડા-ભારત સંબંધો બગડ્યા હતા.

● યુએસએ અમેરિકન ધરતી ઉપર શીખ અલગતાવાદીની હત્યાને નિષ્ફળ બનાવી હોવાનું અહેવાલ છે.

● કેનેડા-ભારત વેપાર વાટાઘાટો જ્યાં સુધી ભારત નિજ્જર તપાસમાં સહકાર નહીં આપે ત્યાં સુધી ફરી શરૂ થશે નહીં.

ભારત સરકારે જાહેરાત કરી છે કે, તે યુએસના આરોપોની ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરશે. આ આરોપમાં કહેવાયું છે કે, એક અનામી ભારતીય સરકારી કર્મચારીએ ન્યૂયોર્કમાં એક શીખ અલગતાવાદી પર થયેલા કરાર માટે $1,00,000ની ઓફર કરી હતી અને બાવન વર્ષીય ગુપ્તાને તેની વ્યવસ્થા કરવા કહ્યું હતું. આ આરોપમાં ભારતીય સરકારી કર્મચારીનું નામ નથી, પરંતુ તેને ગુપ્તચર, સુરક્ષા વ્યવસ્થાપન અને ભારતના સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સમાં વિવિધ ભૂમિકાઓ નિભાવી હોવાનું કહેવામાં આવ્યું છે.

તેણે કથિત રીતે ગુપ્તાને લક્ષ્યના ઘરનું સરનામું, ફોન નંબર અને તેની દિનચર્યાની વિગતો આપી હતી. ભારત સરકારના કર્મચારી અને ગુપ્તાએ કથિત રીતે અનેક વાર વાત કરી હતી અને નવી દિલ્હીમાં મુલાકાત પણ કરી હતી. કથિત કાવતરાખોરોએ કથિત હત્યારાને જૂનમાં $15,000 એડવાન્સ આપ્યા હતા. તે વાસ્તવમાં એક અન્ડરકવર એજન્ટ હતો અને આરોપમાં મેનહટન, એન.વાય. (યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ)માં એજન્ટની કારમાં કથિત રીતે થયેલા વ્યવહારની છબિનો સમાવેશ થાય છે. સોદાના ભાગરૂપે, તેણે કથિત રીતે ગુપ્તાને અંગત તરફેણની ઓફર કરી હતી. આરોપમાં ગુપ્તાને ડ્રગ અને શસ્ત્રોની હેરાફેરી કરનાર તરીકે વર્ણવવામાં આવ્યા છે અને કથિત ભારતીય સરકારી કર્મચારીએ વચન આપ્યું હતું કે, તે તેની સામેના ફોજદારી આરોપોને દૂર કરી શકશે. તેણે કથિત રીતે ગુપ્તાને કહ્યું કે, તેણે તેના ચાલી રહેલા ફોજદારી કેસ વિશે એક અજાણ્યા અધિકારી સાથે વાત કરી હતી અને વચન આપ્યું હતું કે, કોઈ તમને ક્યારેય હેરાન કરશે નહીં.

ગુપ્તાએ ત્યારપછી એવી કોઈ વ્યક્તિનો સંપર્ક કર્યો કે જેને તેઓ હિટમેન માનતા હતા તે જાણતા ન હતા કે તે યુએસ ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીમાં ગુપ્ત અધિકારી છે. આરોપમાં કહેવામાં આવ્યું છે કે, ગુપ્તાએ જૂનની આસપાસ હત્યારાને શક્ય તેટલી ઝડપથી હત્યા કરવા કહ્યું હતું. ગુપ્તાએ કહ્યું હતું કે, તેઓ ઈચ્છતા ન હતા કે આ હત્યા યુએસ-ભારતની ઉચ્ચ સ્તરીય રાજકીય બેઠકના સમયે થાય. તે સમયગાળો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જૂનમાં વોશિંગ્ટનની મુલાકાત સાથે સુસંગત છે. પરંતુ ૧૮ જૂને જ્યારે બ્રિટિશ કોલંબિયામાં એક શીખ મંદિરની બહાર માસ્ક પહેરેલા બંદૂકધારીઓએ હરદીપસિંહ નિજ્જરની હત્યા કરી હતી. ભારત તેના નાગરિકોને કેનેડાની મુસાફરી કરતી વખતે સાવચેતી રાખવાનું કહી રહ્યું છે જ્યારે કેનેડાના કેટલાક ઉદ્યોગો બ્રિટિશ કોલંબિયામાં એક શીખ કાર્યકરની હત્યા પાછળ ભારત સરકારનો હાથ હોવાના જસ્ટિન ટ્રુડોના આરોપથી આર્થિક પતન અંગે ચિંતા કરે છે.

ગુપ્તાએ કથિત રીતે તેના કથિત કોન્ટ્રાક્ટ કિલરને નિજ્જરના મૃતદેહનો વીડિયો મોકલ્યો હતો અને તેને કહ્યું હતું કે, ઝડપથી કામ કરો. ગુપ્તાએ પોલીસ જાણકારને ઓડિયો કોલમાં કહ્યું હતું કે, તેમની પાસે ૨૯ જૂન પહેલા ચાર કામ છે, એક ન્યૂયોર્કમાં અને ત્રણ કેનેડામાં. હકીકતમાં કેનેડિયન હત્યા કથિત રીતે ઘણી વખત સામે આવી છે. કેનેડા ખાલિસ્તાન તરફી કાર્યકર્તાની હત્યાની તપાસ કરી રહ્યું છે અને આ આરોપથી ભારત સાથે રાજદ્વારી અણબનાવ થયો હતો.

યુએસ અધિકારીઓએ ફોજદારી આરોપ દાખલ કર્યો હતો અને યુએસ અને કેનેડાના નાગરિક ગુરપતવંતસિંહ પન્નુન સામે આવું સમાન કાવતરૂં નિષ્ફળ બનાવ્યું હતું. બુધવારે અનસીલ કરાયેલા આરોપમાં પન્નુનનું નામ નથી, પરંતુ કેસના તથ્યો ધ ફાઈનાન્શિયલ ટાઈમ્સના રિપોર્ટિંગ સાથે મેળ ખાય છે. સીબીસી ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં તેણે ભારત સરકાર ઉપર પંજાબમાં સ્વતંત્રતા લોકમતના વિચારને આગળ ધપાવવા માટે તેને અને અન્યની હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે. આ આરોપ નરેન્દ્ર મોદી વિશે છે, જેમણે હંમેશા તેમની ટીકા અને અસંમત રાજકીય અભિપ્રાયને દબાવવા માટે હિંસાનો ઉપયોગ કર્યો છે. ભારત સરકારની દૃષ્ટિએ ઉત્તર અમેરિકા હિંસક અલગતાવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે. ૩૦ જૂનની આસપાસ, યુનાઈટેડ સ્ટેટ્સની વિનંતી ઉપર ગુપ્તાની ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી. કેનેડાના મંત્રીઓએ જવાબ આપ્યો આ કેસ વિશે પૂછવામાં આવતા, કેનેડાના જાહેર સુરક્ષા પ્રધાને કાયદાકીય પ્રક્રિયામાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ડોમિનિક લેબ્લેન્કે એમ પણ કહ્યું કે, કેનેડિયન અને અમેરિકન અધિકારીઓ સહકાર આપી રહ્યા છે.

કેનેડાના વિદેશપ્રધાન મેલાની જોલીએ કહ્યું કે, તે યુએસ ફોજદારી કેસ પર ટિપ્પણી કરશે નહીં પરંતુ તેણી ભારત પાસેથી વધુ સહકારની અપેક્ષા રાખે છે. વિદેશ બાબતોના પ્રધાન મેલાની જોલીને પૂછવામાં આવ્યું કે, અમેરિકી અધિકારીઓએ શીખ અલગતાવાદી ચળવળના 'અમેરિકા સ્થિત નેતાની હત્યાનું ભારતનું કાવતરૂં' નિષ્ફળ બનાવ્યું છે. ટ્રુડોએ પત્રકારોને જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આવતા સમાચારો વધુ ભારપૂર્વક દર્શાવે છે કે, અમે શરૂઆતથી જ તેના વિશે વાત કરી રહ્યા છીએ: ભારતે આને ગંભીરતાથી લેવાની જરૂર છે. ભારત સરકારે એ સુનિશ્ચિત કરવા માટે અમારી સાથે કામ કરવાની જરૂર છે. આ એવી વસ્તુ નથી જેને કોઈ હળવાશથી લઈ શકે. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો કહે છે કે, નિખિલ ગુપ્તા ઉપર ન્યૂયોર્ક સિટીમાં હત્યાનું આયોજન કરવાનો અને તેને કેનેડામાં આવા ત્રણ પ્રયાસો સાથે જોડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# બિલિમોરા અને સુરત વચ્ચે ૨૦૨૬થી પ્રથમ બુલેટ ટ્રેન દોડતી થશે, રેલવે મંત્રીએ આપી મોટી અપડેટ

સુરત તા.૪

ભારતમાં પ્રથમ બુલેટ ટ્રેન સેક્શન ઓગસ્ટ ૨૦૨૬માં ગુજરાતના બિલિમોરા અને સુરત વચ્ચે પૂર્ણ થશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર આ માહિતી આપી હતી. તેની સાથે અશ્વિની વૈષ્ણવે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ઝલક દર્શાવતો વીડિયો શેર કર્યો છે. તેમણે કહ્યું કે, ૨૧ નવેમ્બર સુધી આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૨૫૧.૪૦ કિલોમીટરમાં પિલર બનાવવામાં આવ્યા છે. ૧૦૩.૨૪ કિલોમીટરમાં સુપર સ્ટ્રક્ચર પણ તૈયાર છે. આ સેક્શન ૫૦ કિલોમીટરનો છે. બુલેટ ટ્રેન વિશે અશ્વિની વૈષ્ણવનું નિવેદન ગયા અઠવાડિયે તેના અપડેટ પછી આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે એક મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. જેમાં ૧૦૦ કિ.મી. પુલ અને ૨૩૦ કિ.મી. ફેરીનું કામ સામેલ છે. જેમાં બીલીમોરા-સુરત વિભાગનો એક સ્ટ્રેચ છે. આ વીડિયો અશ્વિની વૈષ્ણવે પોસ્ટ કર્યો છે. વીડિયોમાં મુંબઈ-અમદાવાદ કોરિડોરના ભાગરૂપે વલસાડ જિલ્લાના પાર અને ઔરંગાબાદ, નવસારીમાં પૂર્ણા, મીંધોલા, અંબિકા અને વેંગાનિયા - ૬ નદીઓ ઉપર પુલ બનાવવામાં આવી રહ્યા છે. રેલવે મંત્રી ઉપરાંત નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે આ પુલનો ડ્રોન વીડિયો શેર કર્યો છે. આમાંના કેટલાક પુલ તો બની ચૂક્યા છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે કેપ્શન લખ્યું - "...બુલેટ સ્પીડ". રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ આર્મર સિસ્ટમ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, હાલમાં દર વર્ષે ૧૫૦૦ કિ.મી.નું બખ્તર નેટવર્ક



છે. ૨૦૧૪થી દર વર્ષે ૨૫૦૦ કિ.મી. કવચ નેટવર્ક હશે. કવચ ટેકનિકનું કામ ૨૦૧૬માં મંજૂર થયું હતું. ટ્રેક ઉપર અથડામણને રોકવા માટે તે સ્વદેશી રીતે વિકસિત ચેતવણી પ્રણાલી છે. આ વર્ષે જૂનમાં ઓડિશાના બાલાસોરમાં ભયાનક ટ્રેન દુર્ઘટના બાદ તે ચર્ચામાં આવી હતી. આ અકસ્માતમાં લગભગ ૩૦૦ લોકોનાં મોત થયા હતા. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આ ટેકનિક હાથી અને ટ્રેન વચ્ચેના સંઘર્ષને રોકવામાં પણ મદદ કરશે. દેશના વિવિધ ભાગોને વધુ સારી રીતે જોડવા અને વધુ ટ્રેક બનાવવા માટે 'ગજરાજ સિસ્ટમ' ઉપર ઝડપથી કામ ચાલી રહ્યું છે. સમગ્ર ૭૦૦ કિલોમીટરનું કામ ૭ મહિનામાં પૂર્ણ થશે. તેમણે જણાવ્યું કે, ગયા વર્ષે ૫૨૪૩ કિ.મી.ના નવા ટ્રેકનું નેટવર્ક બિછાવવામાં આવ્યું હતું. આ વર્ષે ૫૫૦૦-૬૦૦૦ કિલોમીટર ટ્રેક નાખવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

# ગત વર્ષની સરખામણીમાં ૨૦૨૩માં ભારતીય રેલવેમાં ટ્રેન અકસ્માતોમાં અત્યંત વધારો થયો છે

નવી દિલ્હી, તા.૪

ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર, અગાઉના વર્ષની સરખામણીમાં ૨૦૨૧-૨૨માં ભારતીય રેલવેના નેટવર્કમાં અકસ્માતોમાં વધારો થયો હતો. અખબારના જણાવ્યા મુજબ, આ ટ્રેન અકસ્માતોને માનવ જીવન, માનવ ઈજા, રેલવે મિલકતને નુકસાન અથવા રેલ ટ્રાફિકમાં વિક્ષેપના સંદર્ભમાં ગંભીર પરિણામો સાથેના બનાવો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. સત્તાવાર માહિતી અનુસાર, ૨૦૨૧-૨૨માં ટ્રેન દુર્ઘટનામાં નવ લોકોનાં મોત થયા હતા અને ૪૫ ઘાયલ થયા હતા. ૨૦૨૦-૨૧માં કોઈ જાનહાનિ કે ઈજાઓ નોંધાઈ નથી. ૨૦૨૦-૨૧માં ૨૧ સામે ૨૦૨૧-૨૨માં ૩૫ ટ્રેન અકસ્માતો થયા હતા. તેમાંથી ૨૬, પાટા ઉપરથી ઉતરી જવાના (૨૦૨૦-૨૧માં ૧૬), બે અથડામણ (૨૦૨૦-૨૧માં એક) અને આગની ચાર ઘટનાઓ (૨૦૨૦-૨૧માં ત્રણ) બની હતી. આ ઘટનાઓના કારણો પૈકી, રેલવે સ્ટાફની નિષ્ફળતાને કારણે ૨૦૨૧-૨૨માં ૨૦ અકસ્માતો અને પાટા ઉપરથી ઉતરી જવાના બનાવોમાં વધારો થયો છે. ૨૦૨૦-૨૧માં આવા ૧૬ કિસ્સા નોંધાયા હતા. ૨૦૨૧-૨૨માં સાધન સામગ્રીની નિષ્ફળતાના ચાર કેસ પણ નોંધાયા હતા, જ્યારે પાછલા વર્ષે આવો એક પણ કેસ ન હતો. અખબારના જણાવ્યા મુજબ, રેલવેએ મુસાફરોના મૃત્યુ અથવા ઈજા માટે ભારતીય રેલવે અધિનિયમની કલમ ૧૨૪ હેઠળ વળતર તરીકે ૮૫.૮૮ કરોડ રૂપિયાની રકમ ચૂકવી છે, જે ૨૦૨૦-૨૧માં ચૂકવવામાં આવેલા ૧૦૪.૩૮ કરોડ રૂપિયા



કરતાં ઓછી છે. રેલવેએ જણાવ્યું હતું કે, વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ વળતર વર્ષ દરમ્યાન પતાવટ કરાયેલા કેસોની સંખ્યા અને ચૂકવણી સાથે સંબંધિત છે અને આ વર્ષ દરમ્યાન થયેલા અકસ્માતો માટેની રૂપરેખા આપતી નથી. ધ વાયરે અગાઉ અહેવાલ આપ્યો છે કે, ૨૦૧૭ અને ૨૦૨૧ વચ્ચેના રેલવે અકસ્માતોના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)ના વિશ્લેષણ દર્શાવે છે કે, જે અકસ્માતો થયા હતા, જેમાંથી ૧૩૯૨ અકસ્માતો અથવા ૬૯% પાટા ઉપરથી ઉતરી જવાના લીધે હતા. 'પરિણામાત્મક' ટ્રેન અકસ્માતોમાં પાટા ઉપરથી ઉતરી જવા અને અથડામણને કારણે થયેલા અકસ્માતોની ટકાવારી ૮૦% હતી. ઓડિટરે એમ પણ કહ્યું હતું કે, 'માનવ ભૂલ'ને બદલે સંસ્થાકીય સમસ્યાઓ આ ઘટનાઓનું કારણ છે. ભારતીય રેલવે જાળવણી પ્રવૃત્તિઓનું સંચાલન વર્ક ફોર્સમાં ખાલી જગ્યાઓ ભરતી નથી અને નજીવા આઉટસોર્સિંગ સાથે તે કામ કરે છે. સલામતી શ્રેણીમાં પૂરતા સ્ટાફ માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા નથી, જે જાળવણીની ગુણવત્તાને અસર કરી શકે છે. ધ હિન્દુએ જૂન ૨૦૨૩માં અહેવાલ આપ્યો હતો કે, કેન્દ્રીય બજેટમાં ટ્રેક નવીકરણ અને સિગ્નલિંગ અને ટેલિકોમ જેવી સલામતી સંબંધિત નિર્ણાયક પ્રવૃત્તિઓ માટે મૂડી ખર્ચ છેલ્લા કેટલાક વર્ષોમાં કાં તો ઘટ્યો છે અથવા સંપૂર્ણ અટકી ગયો છે.

# ગાઝા યુદ્ધવિરામ ઉપર નિર્માણ માટે ચર્ચા કરવા ઈઝરાયેલ, અમેરિકાના જાસૂસી વડાઓ કતારના વડાપ્રધાનને મળ્યા

દોહા, તા.૪

યુએસ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ) અને ઈઝરાયેલના મોસાદના નેતાઓએ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના બે દિવસીય યુદ્ધવિરામના વિસ્તરણના નિર્માણ માટે દોહામાં કતારના વડાપ્રધાનને મળ હતા, એક સૂત્રએ મુલાકાત અંગે માહિતી આપી હતી. આ મીટિંગ વિસ્તૃત માનવતાવાદી વિરામ કરારની પ્રગતિ ઉપર નિર્માણ કરવા અને સંભવિત સોદાના આગલા તબક્કા વિશે વધુ ચર્ચાઓ શરૂ કરવા માટે હતી, સ્ત્રોતે રોઈટર્સને જણાવ્યું હતું. વાટાઘાટોનું પરિણામ, જેમાં ઈજિપ્તના અધિકારીઓએ પણ હાજરી આપી હતી, તે અસ્પષ્ટ હતું, સ્ત્રોતે ઉમેર્યું. સીઆઈએના ડાયરેક્ટર વિલિયમ બર્ન્સ ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ અંગેની બેઠકો માટે દોહામાં હતા જેમાં બંધકો ઉપરની ચર્ચાઓ પણ સામેલ હતી. બર્ન્સ, ઈઝરાયેલની મોસાદ ગુપ્તચર સેવાના વડા ડેવિડ બર્નેઆ અને કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ-થાનીએ ગાઝામાં મૂળ ચાર દિવસીય યુદ્ધવિરામ કરારના બે દિવસના વિસ્તરણની જાહેરાત કર્યાના એક દિવસ પછી મુલાકાત કરી હતી જે રાતોરાત સમાપ્ત થવાની હતી. કતાર પેલેસ્ટીની જૂથ અને ઈઝરાયેલ વચ્ચે વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યું છે.

# રાજ્યમાં આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં બે લાખથી વધુ રોજગાર સર્જનનું લક્ષ્ય

## વિખ્યાત માઈક્રોન કંપનીનો સાણંદમાં સ્થપાયેલો પ્લાન્ટ દેશમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રને નવી દિશા આપશે

ગાંધીનગર, તા.૪

ગુજરાતને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન એન્ડ મેન્યુફેક્ચરિંગ (ESDM) અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાના વિઝન સાથે, રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ(૨૦૨૨-૨૮) અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ (૨૦૨૨-૨૭) માટે રાષ્ટ્રીય નીતિની શરૂઆત કરવામાં આવી છે. વિવિધ નીતિઓનો અમલ કરીને સમગ્ર દેશમાં વધુ શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સેમિકન્ડક્ટર સેક્ટર માટે ડેડિકેટેડ પોલિસી શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. જેને લઈને આગામી સમયમાં આ સેક્ટરમાં નવા રોકાણો થકી બલાખ લોકોને રોજગારની તકો ઊભી થશે. ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓને વધુ સરળ બનાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે આ નીતિઓમાં તમામ જરૂરી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નીતિઓ દ્વારા ગુજરાત સંરક્ષણ ક્ષેત્ર અને ેટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં સેમિકન્ડક્ટર ચિપ્સના વ્યાપક ઉપયોગની શક્યતાઓ જોઈ રહ્યું છે. ગુજરાત સરકાર તેની સેમિકન્ડક્ટર પોલિસી દ્વારા આગામી પાંચ વર્ષમાં આ સેક્ટરમાં બે લાખથી વધુ નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વિશ્વની સૌથી મોટી સેમિકન્ડક્ટર ચિપ મેન્યુફેક્ચરિંગ કંપની માઈક્રોને ગુજરાતમાં સૌપ્રથમ રોકાણ કર્યુ છે. ગુજરાતના ભાવિ વિકાસમાટે સેમિકન્ડક્ટર સેક્ટરને મુખ્ય તાકાત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ સંબંધિત વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોડ શો અને પ્રતિનિધિમંડળના પ્રવાસોનું આયોજન કર્યુ છે. ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળની આમુલાકાતોએ રાજ્યની વિકાસ યાત્રા પ્રદર્શિત કરવાની, ભવિષ્યના વિકાસ માટેના રાજ્યના વિઝનને શેર કરવાની અને ગુજરાતની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા માટે તેમને આમંત્રિત કરવાની અનન્ય તક પૂરી પાડી છે. VGGS 2024 પહેલા વિવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય રોડ શો અને પ્રતિનિધિમંડળની મુલાકાતો દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ કંપનીઓનો સંપર્ક કરવામાઆવ્યો છે. આ મુલાકાતોએ ગુજરાતના વિકાસના વિઝનને અનુરૂપ વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત@2047'ના વિઝનને સાકાર કરવામાં મદદ કરી છે. ઉપરાંત, આ પ્રતિનિધિમંડળની મુલાકાતો અનેરોડ શોના પરિણામે જાપાન, દક્ષિણ કોરિયાની કંપનીઓ તેમજ નવી દિલ્હી અને બેંગ્લુરૂમાં ભારતીયસ્થિત કંપનીઓએ આ ક્ષેત્રમાં રોકાણની તકો શોધવામાં ઊંડો રસ દાખવ્યો છે. આ કંપનીઓએ સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, એસેમ્બલી ટેસ્ટિંગ, પેકેજિંગ અને મહત્ત્વપૂર્ણ કોમ્પોનન્ટના ઉત્પાદન અને ડેવલપિંગ એન્જિનિયરિંગ/ ટેક્નોલોજી સેન્ટર્સ વિકસાવવામાં તેમની રૂચિ દર્શાવી છે.

# જાપાનના હ્યોગો પ્રાંતની વધુ ઉદ્યોગ કંપનીઓ ગુજરાતમાં રોકાણો કરવા તત્પર : ગવર્નર

## હ્યોગોનું કોબે અને અમદાવાદ સિસ્ટર સિટીના બોન્ડથી જોડાયેલા છે : CM

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ના પ્રમોશન માટે જાપાન મુલાકાતે ગયેલા ગુજરાતના હાઈલેવલ ડેલિગેશને હ્યોગો-જાપાનના ગવર્નર મોટોહિકો સૈતો સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના જાપાન પ્રવાસના પાંચમા દિવસે ગુજરાતના પ્રતિનિધિમંડળ સહિતજાપાનના હ્યોગો પ્રાંતમાં આવેલા કોબેના સુપ્રસિદ્ધ નોકુફૂજી ટેમ્પલ અને ઐતિહાસિક કોબે પોર્ટની મુલાકાત લીધી હતી. જાપાનના હ્યોગો પ્રાંતના કોબે ખાતે રોક્કો માઉન્ટેનની તળેટીમાં આવેલું કોબે પોર્ટ કુદરતી સૌંદર્ય અને સુંદર દશ્યોથી સમૃદ્ધ સૌથી પ્રાચીન બંદરોમાંનું એક છે. મુખ્યમંત્રીએ ગવર્નર સાથે મુલાકાતમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સૌથી પહેલા ૨૦૦૭માં અને પછી ૨૦૧૨માં હ્યોગોની મુલાકાત લીધી હતી. અહીંથી તેમણે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનસપનું જોયું હતું. આ સપનું આજે ભારતમાં આકાર લઈ રહ્યું છે. તેમણે અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરીડોરનું ભૂમિ પૂજન સ્વ. શિન્ઝો આબે દ્વારા કરવામાં આવ્યું હતું એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત અને જાપાન બંને પાસે પોતાનું હેરીટેજ છે. ભારતમાં હેરીટેજના સંરક્ષણ સાથે હેરીટેજ સિટી વિકસાવવા માટે ખાસ હૃદય યોજના વડાપ્રધાને શરૂ કરી છે. તેમણે હ્યોગો-ગુજરાત સંબંધો અંગે કહ્યું હતું કે, હ્યોગો અને ગુજરાતનો સંબંધ માત્ર બે રાજ્યો પૂરતો નથી રહ્યો. ગુજરાતનઅમદાવાદ અને હ્યોગોનું કોબે સિસ્ટર સિટીના બોન્ડથી જોડાયેલા છે. તાજેતરમાં અમદાવાદને અર્બન ૨૦ સમિટના યજમાન બનવાનો અવસર મળ્યો હતો તેનો ઉલ્લેખ કરીને રાજ્ય સરકારે મેયોરલ સમિટમાં ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ફ્યુચર માટે રજૂ કરેલા નો એન્વાયરમેન્ટ રેઝીલિયન્ટ સિટી એક્શન પ્લાન અંગે ચર્ચા-વિમર્શ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું હતું કે, દેશમાં ઉદ્યોગોની સાથે-સાથે ઈઝ ઓફ લિવિંગને પણ ખૂબ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભારતમાં ૧૦૦ સ્માર્ટ સિટી વિકસી રહ્યા છે. દેશમાં નાના શહેરોમાં ઉત્તમ સુવિધાઓ મળે તે માટે ખાસ અમૃત મિશનની શરૂઆત કરી છે. દેશના તમામ મોટા શહેરોમાં મેટ્રો ટ્રેન નેટવર્ક વિકસી રહ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત અને જાપાનના સંબંધો નવી ઊંચાઈ ઉપર પહોંચ્યા છે. જાપાન વાયબ્રન્ટ સમિટનું લાંબા સમયથી સહભાગી રહ્યું છે. હ્યોગો પ્રાંતની ૩૦ જેટલી કંપનીઓએ ગુજરાતમાં રોકાણ કર્યું છે તે ગુજરાત-જાપાન સંબંધો માટે આનંદની વાત છેતેમણે જાપાનીઝ કંપનીઓને ગુજરાતમાં આવકારવા ઉત્સુક હોવાનું જણાવી હ્યોગો રાજ્યના ગવર્નરને તેમના ડેલીગેશન સહિત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ૨૦૨૪માં પધારવા નિમંત્રણ પણ પાઠવ્યું હતું. હ્યોગોના ગવર્નર મોટોહિકો સૈતોએ રોકાણ અને વેપાર તેમજ જાપાન અને ગુજરાત વચ્ચેના ઉષ્માભર્યા સંબંધો વિશે ચર્ચા-વિમર્શ કર્યો હતો. ગવર્નરે જણાવ્યું હતું કે, તેઓ તેમના પ્રાંતની વધુ કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા ઈચ્છે છે. તેમણે આગામી વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે પણ ઉત્સુકતા દર્શાવી હતી.

# સોમનાથ સાંનિધ્યે આંધ્રપ્રદેશના હરીભકતોએ હરી સંકિર્તન કર્યુ



વેરાવળ તા. ૪

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાંનિધ્યે યાત્રિક સુવિધા ભવનના સભામંડપમાં ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ણા કોન્સયસનેશના હરીભકતોએ આ કાર્યક્રમ ધર્મમય રીતે પાર પાડયો. વિજયવાડા આંધ્રપ્રદેશના ૪૦૦ જેટલા આ ભકતોએ સભા મંડપમાં રાધાકૃષ્ણ ભગવાનની મૂર્તિ રાખી પૂજા-પાઠ, દિવ્ય આરતી કરી જેને સ્વામિ બલરામ ગોવિંદદાસએ હરીકિર્તન શ્રવણ કરાવ્યું હતું.

આવી તેમના સંઘની ૧૫મી યાત્રા છે. અહીંથી તા.૩ ડીસેમ્બરે દ્વારકા જશે. જયાં દ્વારકાધીશ મંદિર, મુળદ્વારકા, સુદામા દ્વારકા, રૂકમણી મંદિર, જાંબુવન ગુફા વિગેરે સ્થળોએ જઈ દર્શન-કિર્તન કરશે.

કારતક માસ દિર્પાજન મહિનો હોવાથી આખો મહિનો ભગવાનને આરતી દિપ કરવાનું મહત્વ છે તેથી કાર્તિક યાત્રા છેલ્લા પંદર વર્ષથી કરી ભગવાન કૃષ્ણના તિર્થોના દર્શન-દિપ આરતી કરાતી રહે છે.

## સોમનાથ મહાદેવ સાંનિધ્યે તા.૨૯ ડીસેમ્બરથી ૯ જાન્યુઆરી સુધી

# હિમાલય સંત પાયલોટ બાબા આયોજીત એકાદશ રૂદ્ર સોમનાથ મહારૂદ્ર યજ્ઞ યોજાશે

વેરાવળ તા. ૪

સોમનાથ તિર્થ પ્રભાસ પાટણ ખાતે હિમાલયના સિધ્ધ પરંપરાના વિશ્વ પ્રસિધ્ધ સંત અને શ્રી પંચ દશનામી જુના અખાડા નાસિક પીઠાધિશ્વર પાયલોટ બાબા દ્વારા તા.૨૯-૧૨-૨૩ થી ૯-૧૨-૨૪ સુધી ૧૧૧ કુંડીનો મહામૃત્યુંજય એકાદશ રૂદ્ર સોમનાથ મહાયજ્ઞ યોજાશે.

સોમનાથના કિલ્લાવાળા હનુમાનજી મંદિર પાસે આવેલ ચોપાટી મેદાનમાં આ યજ્ઞ યોજાશે. જેના યજ્ઞાચાર્ય પંડિત જગદીશ શાસ્ત્રી તથા અશોકાનંદ શાસ્ત્રી રહેશે. તા.૨૯-૧૨-૨૩ ના રોજ રામ મંદિર પટાંગણમાંથી કળશ સાથેની શોભાયાત્રા નીકળશે અને સોમનાથ યજ્ઞ શાળાએ જશે. જયાં દરરોજ સવારે ૯ થી ૧૨, બપોરે ૧ થી ૫ સુધી યજ્ઞકાર્ય ચાલશે. તેમજ તા.૩૦-૧૨-૨૩ થી ૯-૧-૨૪ સુધી દરરોજ યજ્ઞ કરવામાં આવશે અને તા.૯ જાન્યુઆરીએ યજ્ઞ પુર્ણાહુતિ થશે અને પ્રસાદ ભંડારો યોજાશે. સાંજે ૪ કલાકે સંત મહંતોના આશીર્વચનો થશે.

આ યજ્ઞ ઉત્સવમાં દરરોજ સાંજે ગુરૂ પ્રવચનો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. મહાયોગી પાયલોટ બાબા માનવજાતના કલ્યાણ અને સુખમય જીવનનો પથ પ્રશસ્ત કરવાના હેતુસર લોકોની સુખાકારી થાય અને આધ્યાત્મિક થાય તેવા કાર્યક્રમો સાથે સર્વ ધર્મ સમાનતાનું કાર્ય કરી રહયા છે. આ અગાઉ પાયલોટ બાબાએ ગુજરાતમાં ૧૦૮ કુંડીના ૨૦૦૪ માં અમદાવાદમાં કાંકરીયા, ૨૦૧૦માં અમદાવાદ મેમનગર અને અષ્ટ મહાલક્ષ્મી યજ્ઞ દ્વારકામાં ૨૦૧૧ માં કર્યો હતો. તેમજ રાજકોટમાં ૨૦૧૫માં મહામૃત્યુંજય યજ્ઞ યોજાયો હતો. વર્ષ ૨૦૧૯માં અંબાજી ખાતે ૧૦૮ કુંડી યજ્ઞો કરી ચુકેલા છે.

મહાયોગી પાયલોટ બાબાનો જન્મ બિહારના સાસારામ સ્ટેટના રાજવી પરિવારમાં ૧૯૩૮ માં થયો હતો. તેઓએ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવી ભારતીય વાયુસેનાના ફાયટર પાયલોટ બન્યા હતા. પોતાની કર્તવ્યનિષ્ઠા અને ફરજ દરમ્યાન પાકિસ્તાન સામેના યુધ્ધમાં અદમ્ય વિરતા દાખવતા તેઓને ભારત સરકાર દ્વારા 'વીરચક્ર' અને શૌર્ય ચક્રથી સન્માનિત પણ કરાયેલા છે. ગુરૂ પ્રેરણા અને પુર્વજન્મ સંસ્કારને લીધે તેઓએ ભારતીય વાયુસેનાના વીંગ કમાન્ડરના સન્માનનીય પદેથી રાજીનામું આપી પોતાની અથાગ સંપત્તિનું દાન કરી અને હિમાલય તરફ તપસ્યા કરવા નીકળી પડયા અને તેમના ગુરૂએ જયાં તપસ્યા કરી રહતી ત્યાં જ તપસ્યા કરી. એક વખત રાજસ્થાનના તેઓના કાર્યક્રમમાં રાજપરિવારના રાજમાતા વિજયરાજે સિંધીયા કાર્યક્રમમાં દર્શન કરવા આવેલ અને તેઓ અનાયાસે બોલી ઉઠયા 'અરે! આ તો કુંવર પાયલોટ' સાહેબ છે. ત્યારથી ઉપસ્થિત લોકો 'પાયલોટ' બાબા તરીકે તેઓને ઓળખે છે.

તેઓની ગણના હિમાલયના સિધ્ધ પુરૂષોમાં કરવામાં આવે છે. તદઉપરાંત તેઓ શ્રી પંચદશનામી જુના અખાડાના મહામંડલેશ્વર નાસિક પીઠના પિઠાધિશ્વર પૂજનીય પદ પણ ધરાવે છે. સનાતન ધર્મ-ભારતીય સંસ્કૃતિની ગરીમા વધારવા માટે તેઓએ વિશ્વના અનેક દેશોમાં તેઓના આશ્રમો છે.

ભારતમાં યોગ સાધના દ્વારા, ભૂમિગત સમાધિ, શુન્યાવકાશ ચેમ્બરમાં જળ સમાધિના ૧૧૧ જેટલા કાર્યક્રમો કરી ચુકયા છે. હરીદ્વાર, કનખલ, નૈનીતાલમાં તેઓના આશ્રમો છે. તથા સાસારામ બિહારમાં ભગવાન સોમનાથ મહાદેવ મંદિરનું પણ નિર્માણ કરેલ છે.

# સોનાની બુટ્ટી તથા મોબાઈલ ફોન સહિત રૂા. ૩૨,૦૦૦ ના સામાનનું પર્સ ખોવાતા નેત્રમ શાખા પોલીસે ગણતરીની કલાકોમાં શોધી આપ્યું




જૂનાગઢ તા. ૪

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શકય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર પુજાબેન પીન્ટુભાઈ વાઘેલા રાજકોટના વતની હોય, અને લગ્નપ્રસંગ સબબ જૂનાગઢ આવેલ હોય, પુજાબેન સરદાર પટેલ ભવનથી બસ સ્ટેશન જવા માટે ઓટો રિક્ષામાં બેસેલ હોય તે દરમ્યાન તેમનું રૂા.૩૨,૦૦૦ ની કિંમતની સોનાની બુટ્ટી તથા મોબાઈલ ફોન સહિતના સામાનનું પર્સ ખોવાયેલ હોય, જે પર્સમાં ૧.૫ ગ્રામની સોનાની બુટ્ટી કિં.રૂા.૧૫,૦૦૦, VIVO કંપનીનો રૂપ મોબાઈલ ફોન કિં.રૂા. ૧૫,૦૦૦, રોકડ રૂા. ૨,૦૦૦ તથા અન્ય જરૂરી સામાન હોય. બસ સ્ટેશન ઉતર્યા બાદ પુજાબેનને માલુમ પડેલ કે તેમની સાથે રાખેલ પર્સ તેઓ ઓટો રિક્ષામાં જ ભુલી ગયેલ છે. તેમણે આજુબાજુ તપાસ કરેલ તેમજ તે ઓટો રિક્ષા શોધવાનો પણ પ્રયત્ન કરેલ પરંતુ તેમનો સામાન મળેલ નહિ, પર્સમાં સોનાની બુટ્ટી તથા મોબાઈલ ફોન હોય જે મોબાઈલ ફોનમાં જરૂરી ડોક્યુમેન્ટસ હોય જેથી તેઓ ખૂબ વ્યથીત થઈ ગયેલ હતા આ બાબતની જાણ નેત્રમ શાખાના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. દરમ્યાન જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. ચેતનભાઈ સોલંકી, પો.કોન્સ. પાયલબેન વકાતર, પો.કોન્સ. શિલ્પાબેન કટારીયા, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી પુજાબેન જે સ્થળેથી ઓટો રિક્ષામાં બેસેલ તે ઓટો રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ CCTV ફૂટેજની મદદથી ચેક કરતા પુજાબેન પોતાનું પર્સ ઓટો રિક્ષામાં જ ભુલી ગયેલ હોય તેવું જણાયેલ. જે આધારે તે ઓટો રિક્ષાનો રજી.નં. **GJ 18 AY 0259** શોધેલ. અને જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ઓટો રિક્ષા ચાલકનો સંપર્ક કરી પૂછપરછ કરતા તે પર્સ તેમની પાસે હોવાનું જણાવેલ હતું. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પુજાબેન વાઘેલાનું રૂા. ૩૨,૦૦૦ નું સોનાની બુટ્ટી તથા મોબાઈલ ફોન સહિતના સામાનનું પર્સ શોધી ગણતરીની કલાકોમાં રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને પુજાબેન વાઘેલાએ જણાવેલ કે તેમને આ સામાન પરત મળે તેવી આશા પણ ના હતી, અને આટલી ઝડપથી આ સામાન પોલીસે શોધી આપતા ખુબજ ખુશ થઈ ગયેલ અને જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા દ્વારા સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રૂા. ૩૨,૦૦૦ નું સોનાની બુટ્ટી તથા મોબાઈલ ફોન સહિતના સામાનનું પર્સ શોધી પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી ''પોલીસ પ્રજાનો મિત્ર છે'' એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

# જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે શુભ યાત્રા સ્વચ્છ યાત્રા કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૪

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજયભરના તમામ ડેપો બસ સ્ટેશન ખાતે 'શુભ યાત્રા સ્વચ્છ યાત્રા' કાર્યક્રમના યોજાઈ રહયા છે. જે અંતર્ગત જૂનાગઢ બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત વિભાગીય નિયામક શ્રીમાળી દ્વારા કરવામાં આવી હતી. આ તકે અવ્વલ સુરક્ષા નિરીક્ષક શામળા, ડેપો મેનેજર મકવાણા, સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા જૂનાગઢ બસ સ્ટેશન ખાતે સવારે ૧૦ કલાકે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હતું તેમજ મુસાફર જનતામાં સફાઈ અને સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાય તે માટે સઘન ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

(તસ્વીર : જયેશ મહેતા)

# ખુશ રહેવું એ સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે

**'Happinessis the Highest form of Health...'** આજના સમયનો સૌથી મોટો યક્ષ પ્રશ્ન...ખુશી ક્યાં મળશે? એક સ્થળ પર આ પ્રશ્નનો ખૂબ જ સુંદર જવાબ લખેલો જોયો જે દરેક વ્યક્તિને અનુરૂપ છે જેમકે...''આપણી ખુશી પ્રેમ ભરેલા શબ્દો માં મળશે. આપણી ખુશી આપણી આંખોમાં છલકે છે. આપણો ચહેરો ખુશીઓનો અરીસો હોય છે. આપણાં કર્મ આપણી ખુશીના ફળ હોય છે. આપણો પ્રેમ ભર્યો વ્યવહાર ખુશીનો દરવાજો હોય છે. આપણી ખુશીનું મખમલી ઘર આપણું દિલ હોય છે. આપણી ખુશીનું બીજ આપણાં મનમાં અંકુરિત થાય છે. આપણી ખુશી આપણાં જીવનમાં પવિત્રતા દ્વારા પ્રવેશ કરે છે. તો આવો આપણાં મનને પવિત્ર બનાવી ખુશી ને સદાકાળ માટે આપણી સાથી બનાવીએ.'' હિન્દી ભાષામાં ઘણા રૂઢિપ્રયોગો 'ખુશી' માટે ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે ''ખુશી મેં ખગ્ગિયાં મારના'', ''ખુશી જૈસી ખુરાક નહીં'' વગેરે. જ્યારે વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષામાં ત્રણ શબ્દો ખૂબ પ્રચલિત થયા છે. જેમ કે હેલ્થ, વેલ્થ એન્ડ હેપિનેસ. જીવનમાં જેટલી હેલ્થ અને વેલ્થ જરૂરી છે એટલું જ હેપિનેસનું પણ મહત્વ છે. વિશ્વભરમાં કોવિડ જેવી મહામારીની અસર વિવિધ રીતે આજે આપણે અનુભવી રહ્યા છે. આ મહામારીએ આ ત્રણ વિષય હેલ્થ, વેલ્થ એન્ડ હેપિનેશ પર ખૂબ અસર કરી છે. પૂરા વિશ્વના વાયુમંડળને ડામાડોળ પણ કર્યું. આવી તો અનેક નાની મોટી આફતો રોજબરોજ સમાચારમાં આપણે જોઈ રહ્યા છે.અચાનક જ ના બનવાના અનેક બનાવો બની રહ્યા છે. આવી પરિસ્થિતિમાં આજે સામાન્ય માણસને પણ અસર થઈ રહી છે. આજનો સમય એવો આવી ગયો છે કે વિશ્વના કોઈ પણ ખૂણે કાઇ સમસ્યા કે બનાવ બને તો તેની અસર વિશ્વના દરેક વ્યકિત પર થાય છે. નકારાત્મકતાની અગ્નિમાં બળી રહેલા સમાજમાં અનેક સમસ્યાઓનો સામનો કરી જીવન વ્યતીત કરનાર મનુષ્ય લાચાર અને વિવશતાથી જીવનપાયન કરી રહ્યો છે.

સંસારના દરેક ક્ષેત્રે મૂલ્યોનો અતિ હ્યાસ થઈ રહ્યો છે. વિકારોની અગ્નિમાં બળતો મનુષ્ય અનેક પ્રકારોના અભાવોમાં જીવી રહ્યો છે. સંપત્તિનું અવમૂલ્યન થઈ રહ્યું છે. આવા સમયે સૌથી મોટો પ્રશ્ન થાય છે કે વિનાશી ધનને એકઠું કરવામાં મનુષ્ય અવિનાશી ધન કે જે અનાદિ અને વાસ્તવિક છે તેની મહત્તાની અવગણના કરી રહ્યા છે. જેમ કે પ્રેમ, શાંતિ, સુખ, આનંદ, જ્ઞાન, શક્તિ અને પવિત્રતા. દરેક મનુષ્ય આત્માના આ સાત અનાદિ ગુણો છે. આજે માણસ એવું સમજે છે કે રૂપિયા થકી બધુ જ ખરીદી શકાય છે. જ્યારે સાચું સુખ અને સાચી ખુશી એ કોઈ ખરીદી શકાય એવી વસ્તુ નથી. તો પછી સાચી ખુશી કઈ રીતે મળે અને તેનો સ્ત્રોત શું એ પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે.

શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાનુવાચ છે કે ''મનમના ભવ, મધ્યાજી ભવ''. અર્થાત ભગવાન દ્વારા ઉચ્ચારેલા મહાવાક્ય કહે છે કે મન બુદ્ધિથી મને યાદ કરો. જ્યારે આપણે ઈશ્વરીય યાદમાં મગન થઈએ ત્યારે જે સુખ અને શાંતિની અનુભૂતિ કરીએ એ જ સાચું અતીન્દ્રિય સુખ છે. જીવનમાં સાચી ખુશી એ કોઈ રેડીમેઈડ મટિરિયલ નથી. આધ્યાત્મિકતા એક શ્રેષ્ઠ માધ્યમ છે એમ કહી શકાય. આજે આધ્યાત્મિકતાના અભાવે માણસ ભ્રમિત થઈ રહ્યો છે. શ્રીમત અને શ્રેષ્ઠ માર્ગથી વિચલિત થયો છે. તેનું કારણ અતિઆધુનિકતાવાદનું આંધળું અનુકરણ છે. ધર્મ ભ્રષ્ટ અને કર્મ ભ્રષ્ટ મનુષ્ય સાચી ખુશીની અનુભૂતિ કઈ રીતે કરી શકે.

અવિરત ખુશ રહેનાર વ્યક્તિ તેના પરિવાર, પાડોશ, કાર્યસ્થળ અને આસપાસના વાતાવરણ પર પણ અસર ઉપજાવે છે. ખુશી એ એક સકારાત્મક ઉર્જા છે. જે વ્યક્તિના તન, મન, ધન, સંબંધ, સંપર્ક. સ્વપ્ર, સંકલ્પો અને સ્વાસ્થ્ય બધા ને અસર કરે છે. અત્યારે તો વિશ્વમાં ખુશ કઈ રીતે રહેવું તેના વિષયો પર અનેકો પ્રયાસો થઈ રહ્યા છે. અનેકો મનોવૈજ્ઞાનિકો તથા મોટિવેશનલ સ્પીકરો પણ આ વિષયો પર પુષ્કળ પ્રોગ્રામ ચલાવી રહ્યા છે. જે વર્તમાન સમયની જરૂરિયાત પણ છે. દિનપ્રતિદિન અણબનાવો અને આપઘાતોની સંખ્યાઓ પણ વધી રહી છે. મનુષ્ય અનેક મનોરોગોથી પીડાય રહ્યા છે. આથી જ નિષ્ણાંતો કોઈ પણ પરિસ્થિતિમાં ખુશ રહેવા પર વધૂ ભાર આપતા હોય છે.

ખુશી એક ઔષધિ છે. જવલ્લે જ કોઈ એવું વ્યક્તિ જોવા મળે જે નિરંતર ખુશીની અવસ્થામાં રહેતા હોય. ખુશી એક એવો ખોરાક છે જે વ્યક્તિ ને હમેશા તંદુરસ્ત રાખે છે. કેવી પણ તનની બીમારી હોય કે પછી પરિસ્થિતી આવી પડી હોય તેનો સામનો કરવો સહજ બની રહે છે જે વ્યક્તિ નિરંતર ખુશી માં ડાંસ કરતાં રહે. ખુશનુમા ચહેરો કોને જોવો ન ગમે. આમ ભગવાનુવાચ છે કે પ્રાણ ચલે જાયે લેકિન ખુશી ન જાયે. ખુશ રહેનાર વ્યક્તિ તેની આસપાસ એક સુંદર વાતાવરણનું નિર્માણ કરે છે. જેની અસર વ્યક્તિ અને પ્રકૃત્તિ પર પણ થાય છે. જેમાં નકારાત્મકતાની આવૃત્તિ નિમ્ન હોય છે. આથી જ ખુશ રહેનાર વ્યક્તિ બધાને આકર્ષે છે. તેનું આભામંડળ અદ્ભુત હોય છે. આમ જેનું મન સ્વસ્થ હોય તેનું તન પણ સ્વસ્થ રહે છે. જેનું મન નબળું છેતેનું તન પણ તેને સાથ આપતું નથી. એટલે મન ખુશ તો તન ખુશ. આપણી ખુશી સંપૂર્ણ આપણાં ઉપર જ નિર્ભર છે. બીજા આમ કરે તો હું ખુશ થઈશ, આ વસ્તુ મળે તો હું ખુશ થઈશ તે માન્યતા જ ખોટી છે. ખુશી એ આપણી આંતરિક શક્તિ છે. બસ જરૂરત છે ફક્ત જાગૃતતાની અને આપણી સાચી ઓળખની. સુખના સાગર પરમાત્માની યાદ દ્વારા દિવ્ય ખુશીની અનુભૂતિ થાય છે. બી. કે. શિવાની દીદી દ્વારા અનેકો હેપિનેસ ના વિષયો પર કાર્યક્રમો કરવામાં આવે છે. ખૂબ મોટી સંખ્યામાં લોકો તેનો લાભ પણ લેતા હોય છે. તેમના જીવનમાં સકારાત્મક પરીવર્તન પણ થયા છે. અધ્યાત્મિક, વ્યાવસાયિક અને ગૃહસ્થી દરેક લોકોને ખુશ રહેવાની ચાવી મળી છે. અગર તમે એવું દ્રઢતા પૂર્વક નક્કી કરો કે જીવનની દરેક પરિસ્થિતિઓમાં હું હમેશાં ખુશ જ રહીશ તો કેવી પણ પરિસ્થિતી તમને ડગમગાવી શકે નહીં. ખુશી એ આપણી અંદર સમાયેલી આંતરિક શક્તિ છે અને ઈશ્વરીય યાદ એ ખુશ રહેવાનુ શ્રેષ્ઠ સાધન છે.

આમ, ખુશી એ આરોગ્યનું સર્વોચ્ચ સ્વરૂપ છે. સુખની દિવ્ય અનુભૂતિ કરવા માટે લોકો કેટલી ભક્તિ કરતાં હોય છે. અનેકો પ્રયાસો કરવા છતાં પણ વંચિત રહી જતાં હોય છે. સુખના સાગર પરમાત્મા કહે છે કે સુખ તો મનુષ્ય આત્માનો અનાદિ ગુણ છે. એને બહાર ગોતવું એ સૌથી મોટી ભૂલ છે. આત્માના એ દિવ્ય ગુણ ને ઓળખી ને તેના સ્વરૂપ બનો. દરેક મનુષ્ય આત્મા સુખના સાગરની સંતાન હોવાના નાતે સુખ સ્વરૂપ છે. એ સ્વરૂપને ઓળખી અવિનાશી ખુશીના નશામાં રહીએ.

યુનાઈટેડ નેશન્સ ની જનરલ એસેમ્બલી માં ૧૨ જુલાઇ, ૨૦૧૨ ના રોજ ૨૦ માર્ચને **International Day of Happiness** ની ઘોષણા કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૩ ના **International Day of Happiness** ની થીમ હતી **" Be Mindful. Be Grateful. Be Kind."** વર્તમાન સમયમાં **International Day of Happiness** નું મહત્વ ખુબજ રહેલું છે. આજે આખું વિશ્વ વિવિધ માનસિક રોગો તણાવ, ચિંતા,ક્રોધ, હતાશા વગેરેથી ગ્રસ્ત છે. લોકોની સુખાકારી માટે આ એક મહત્વનુ પગલું ગણી શકાય. વિશ્વના અનેક દેશો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં પણ સરકારશ્રી દ્વારા નીતિઓ બનાવવામાં આવી છે. **World Happiness Report** ની આ વર્ષે ૧૦મી વર્ષગાંઠ રહી છે. આ એક વૈશ્વિક સર્વેક્ષણ ડેટા રિપોર્ટ છે. જેમાં વિશ્વના ૧૫૦ થી વધુ દેશોના લોકો તેમના જીવનનું મૂલ્યાંક્ન કેવી રીતે કરે છે તે દર્શાવે છે. રોગચાળા અને યુદ્ધ જેવી સ્થિતિ હોય ત્યારે આવા રિપોર્ટ ખુબજ ઉપયોગી સાબિત થાય છે.

પંજાબ ઝોનના બીકે યૂથ વિંગ દ્વારા ખુશી ની ખૂબ જ સુંદર વ્યાખ્યા આપવામાં આવી છે. જે આ પ્રમાણે છે....'' ખુશી એક શક્તિ છે. ખુશી એક મંઝિલ છે. ખુશી એક ચિંતન છે. ખુશી એક સંબંધ છે. ખુશી એક ચહેરો છે. ખુશી એક પ્રેમ છે. ખુશી એક પરીક્ષા છે. ખુશી પ્રેમની ગંગા છે. ખુશી કર્મોનું ફળ છે. ખુશી પ્રેમનો છોડ છે. ખુશી આપણો શૃંગાર છે. ખુશી આપણું ચરિત્ર છે. ખુશી એક દવા છે. ખુશી આંતરિક શક્તિ છે.''

આમ, ખુશ રહેવા માટે સ્વની ઓળખ, સ્વના સ્વરૂપની ઓળખ, સ્વ ના સ્થાનની ઓળખ, સ્વ ના કર્તવ્યની ઓળખ, સ્વ ના રચનાકારની ઓળખ અને સ્વ ની વાસ્તવિક સમજની ઓળખ હોવી જરૂરી છે. એટલે જ કહેવાય છે કે ખુદકો દેખો ઓર ખુદાકો દેખો. ખુશ રહે ઓર ખુશીયાંબાટતે રહે.

**– પ્રો. ડો. તૃપ્તિ છાંટબાર, માંગરોળ**

## • સિને રિવ્યુ •

### 'એનિમલ'




રણવીર કપૂર, અનિલ કપૂર, રશ્મિકા, સુરેશ ઓબેરોય, બોબી દેઓલ અભિનિત સંદીપ રેડી વાંગા નિર્દેશિત "એનિમલ" ફિલ્મ એક્શન ફિલ્મ મુવી છે. બાપ દિકરાના વિષય ઉપર તો અનેક ફિલ્મો આવી ગઈ પરંતુ આ ફિલ્મની માવજત એક પિતા પ્રત્યે પુત્રનો અનહદ તીવ્ર પ્રકારની જે લાગણી બતાવવામાં આવી છે તે અત્યાર સુધી કોઈપણ મુવીમાં બતાવવામાં આવેલ નથી. આનો પ્રથમ શ્રેય ફિલ્મના ડાયરેક્ટર સંદીપ રેડી વાંગાને જાય છે.

અગાઉ કબીરસિંહ જેવી મુવીમાં જે પ્રકારે એક ડોક્ટરનું રોમેન્ટિક કેરેક્ટર એમણે બતાવેલું હતું તેવું જ યુનિક કેરેક્ટર અલગ વિષય સાથે ફરી એકવાર આ ફિલ્મમાં દર્શાવવામાં સફળ રહ્યા છે.

ફિલ્મની સ્ટોરી અનિલ કપૂર અને રણવીર કપૂર બંને પિતા પુત્ર વચ્ચે જ ફિલ્માવવામાં આવી છે. અનિલ કપૂર તો એક લેજન્ડ એક્ટર છે એટલે એમનું પરફોર્મન્સ તો માઈન્ડ બ્લોઈંગ છે. પરંતુ જે રીતે રણવીર કપૂરએ લાજવાબ ઉમદા પર્ફોમન્સ રજૂ કર્યું છે તે જોતા એવું લાગે કે, રણવીર કપૂર કોઈ એક્ટર નથી પણ ખુદ એક કિરદારમાં ગરકાઉ થઈ ચૂક્યા છે. જો કે તેનો શ્રેય એ ફિલ્મના નિર્દેશકની જાય છે. કેમ કે કયા હીરો પાસેથી કઈ રીતના અભિનયને કઢાવવો તે એક નિર્દેશકની જ કમાલ હોય છે. પરંતુ રણવીર કપૂર એક મહેનતું કલાકાર છે. અને એમને હર કિરદારમાં પરફેક્ટ ફીટ થતા ફાવે છે.

રશ્મિકાનું પર્ફોમ્ન્સ એના રોલ અનુસાર પરફેક્ટ જ છે અને અભિનયમાં તો એ માહિર છે. બોબીદેઓલ નેગેટિવ રોલમાં દર્શકોના દિલ જીતી લીધા. ગીત સંગીત ફિલ્મને બંધ બેસતું છે. જેમાં "તુજે કુછ હો ગયા તો, સારી દુનિયા જલા દેંગે " સોન્ગ સુપરહિટ થઈ ચૂક્યું છે અને એ સોંગ ફિલ્મની કથા સાથે પરફેક્ટ ફીટ બેસી ગયું છે. બેક ગ્રાઉન્ડ મ્યુઝિક પણ મસ્ત છે.

સ્ટોરી, સ્ક્રીનપ્લે, સાઉથ મુવીની જેમ ધમાકેદાર છે. અને સ્ક્રીપ્ટ એટલી પાવરફુલ છે કે, ક્યારે મુવીનો ક્લાઈમેક્સ આવી જાય તે ખબર જ નથી રહેતી. રણવીર કપૂરના એક્શન સીન્સ જોઈને તાળીઓ અને સીટીઓથી સિનેમા હોલ ગુંજી ઉઠે છે. આ ફિલ્મ અચૂક સિનેમા હોલમાં વિથ ફેમિલી સાથે જઈને જોવાલાયક મુવી છે. ઘણા લાંબા સમય બાદ સારી મુવી આવેલી છે. તો પરિવાર સાથે એન્જોય કરો..

- હિમાંશુ પી. વાજા, (ફિલ્મ સમીક્ષક)

# સરકારની નવી પેન્શન યોજના સામે શિક્ષકોનો વિરોધ સરકાર સામે શિક્ષકો બાયો ચડાવવાના મૂડમાં

## ગીર સોમનાથ જિલ્લા શૈક્ષિક સંઘની બેઠક કોડીનાર ખાતે મળી



(અલ્તાફ મુગલ દ્વારા) કોડીનાર તા.૪

નવી પેન્શન યોજનાને લઈને શિક્ષકોમાં ભારે કચવાટ અને રોષ જોવા મળી રહ્યો છે.નવી પેન્શન યોજનામાં નિવૃત થતા શિક્ષકોને માત્ર ૨ હજાર રૂપિયા જેટલું જ પેન્શન મળતું હોય, જીવન નિર્વાહ માટે આ રકમ પૂરતી નથી.તેથી આ નવી પેન્શન યોજનાનો વિરોધ કરવા માટે આગામી ૯ ડિસેમ્બરે રાજયવ્યાપી "પદયાત્રા તથા મહાપંચાયત " કાર્યક્રમ ના આયોજન સંદર્ભે ગીર સોમનાથ જિલ્લાની રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની કારોબારી બેઠક કોડીનાર ખાતે ૭૦ થી વધારે હોદેદારો અને બોહળી સંખ્યા માં શિક્ષકો ની હાજરીમાં યોજવામાં આવી હતી.

જૂની પેન્શન યોજનામાં શિક્ષકોને છેલ્લા પગારના ૫૦% રકમ મળતી જેથી તેની પાછલી જીંદગી ખૂબ આરામથી એ વ્યતિત કરી શકે નવી પેન્શન યોજનામાં સરકારે ૧૦% પગાર શિક્ષકોનું અને ૧૦% સરકાર જમા કરતી અને આટલી રકમમાંથી તેઓ અલગ અલગ ત્રણ ફંડમાં રોકાણ કરતા હતા અને એમાંથી એ પેન્શન આપવાની વાત હતી જેના માઠા પરિણામો ચાલુ થઈ ગયા છે.હમણાં જ નિવૃત્ત થયેલા શિક્ષકો ને ૨૦૦૦ જેટલું માત્ર પેન્શન મળે છે જેનાથી એનો જીવન નિર્વાહ થઈ શકે નહીં માટે ફરી જૂની પેંશન યોજના શરુ કરવાની માંગ સાથે ગીર સોમનાથ જિલ્લા અધ્યક્ષ વિનોદભાઈ બારડના અધ્યક્ષ સ્થાને આગામી ૯ ડિસેમ્બરે રાજયવ્યાપી કાર્યક્રમનું આયોજન કાર્યક્રમના જુદા જુદા સ્થળની વાત રજૂ કરવામાં આવી તેમજ આવનારા દિવસો માં દરેક તાલુકાની ઓફ લાઈન બેઠકોનું આયોજન કરવાનું નક્કી થયું.આ ઉપરાંત દરેક શિક્ષક પાસે ફોરવીલ ની માંગણી કરી નવમી ડિસેમ્બરે આંદોલનમાં તે પોતાનું ફોરવીલ છે એ સમર્પિત કરે અને સાથે પાંચ શિક્ષકોને લઈને આવે અને વધુમાં વધુ શિક્ષકોને જોડે એવી માંગ કરવામા આવી. જિલ્લાની દરેક શાળાના દરેક શિક્ષક સુધી રૂબરૂ જઈ આમંત્રણ પત્રિકા વહેચણી કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું.વિશેષ માતૃશક્તિ હાજર રહે તેવું આયોજન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું. રેલી માટે ફ્લેશ કાર્ડ તૈયાર કરવા તથા પોસ્ટ કાર્ડ અને આમંત્રણ પત્રિકાની વહેંચણી કરવી જેવા મુદ્દાઓની સમજ આ બેઠકમાં આપવામાં આવી હતી. તેવું ગીર સોમનાથ જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘના અધ્યક્ષે પોતાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### કોડીનાર પાલિકાના પૂર્વ પ્રમુખ નો અનોખો પુસ્તક પ્રેમ

# કારડીયા રાજપૂત વિદ્યાર્થી ભુવન ટ્રેનિંગ સેન્ટર-કોડીનારને લાઈબ્રેરી માટે ૩ લાખનું અનુદાન આપી અદ્યતન લાઈબ્રેરી બનાવી આપી





(અલ્તાફ મુગલ દ્વારા) કોડીનારતા.૪

કોડીનાર નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી એ પોતાના સ્વર્ગસ્થ પુત્ર ના જન્મ દિવસે તેમના સ્મરણાર્થે સાર્વજનિક લાઈબ્રેરી શરૂ કરી સાથો સાથ K.R.V.B. ટ્રેનિંગ સેન્ટર-કોડીનાર સંચાલિત સ્વ. મિત સોલંકી લાઈબ્રેરી નું ઉદ્દ્ઘાટન કરી આ લાઈબ્રેરી ને કુલ ત્રણ લાખ નું અનુદાન આપી વિદ્યા સેવા ની મહેક પ્રસરાવી છે.

આ કાર્યક્રમની સાથે આવતીકાલથી નગરપાલિકા સ્ટેડિયમમાં ૬:૩૦ કલાકે બહેનો અને ભાઈઓ માટે આવનારી કોન્સ્ટેબલ અને ફોરેસ્ટ ગાર્ડ પરીક્ષાની ફિઝિકલ દોડ માટેની તૈયારી શરૂ કરવાની હોય તે માટેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું અને લાઈબ્રેરી માટે વિદ્યાર્થીઓ ખૂબ લાભ લે તે માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આજના આ કાર્યક્રમમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી હાજર રહ્યા હતા, તેઓએ અગાઉ પણ લાઈબ્રેરીમાં ? ૨ લાખનું અનુદાન આપ્યું હતું અને આજે તેઓએ ફરીથી ? ૧ લાખનું અનુદાન આપ્યું છે.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વરસીંગભાઈ વાળા, આચાર્યશ્રી જાદવ,મંત્રી જેઠાબાપા, K.R.V.B ટ્રેનિંગ સેન્ટરના સંચાલક વિનુભાઈ બારડ તથા તજજ્ઞો નટુભાઈ મોરી,કેશુભાઈ બારડ,રવિભાઈ ચૌહાણ, ભરતભાઈ દાહિમા, માનસિંહભાઈ બારડએ વિદ્યાર્થીઓને શિષ્ટ તેમજ નિયમો અને સમય પાલન માટેની જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# ચાપરડા બ્રહ્માનંદ વિદ્યાલયના શિલ્પી પૂ. મુક્તાનંદબાપુના અધ્યક્ષતામાં રા.બ્રા. સેવા સંઘની સામાન્ય બેઠક યોજાઈ





જૂનાગઢ તા.૪

વિસાવદર તાલુકાના ચાપરડા બ્રહ્માનંદ વિદ્યાલયના પ્રાર્થના ખંડમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘની સામાન્ય સભા નું આયોજન કરવામાં આવેલ. સૌ પ્રથમ સંસ્થાના શિલ્પી અને આજના સમારંભના અધ્યક્ષ પૂ. મુક્તાનંદબાપુના આગમનને ગુજરાતના તમામ જિલ્લામાંથી પધારેલ રા.બ્રા.જ્ઞાતિ કારોબારી તથા પ્રતિનિધિઓએ પોતાના સ્થાન ઉપર ઉભા રહી પૂ.બાપુનું અભિવાદન કરેલ. બાદ પૂ. બાપુએ સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને સાથે રાખી દીપ પ્રાગટ્ય કરેલ. બાદ મનોજભાઈ વિકમા એ ઉપસ્થિત જ્ઞાતિ બંધુઓનું શાબ્દિક સ્વાગત કરેલ. ત્યારબાદ આપણી સંસ્કૃતિ મુજબ સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોએ પૂ.બાપુને પુષ્પમાળા, શાલ તેમજ શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરેલ. તે જ રીતે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભવોને જિલ્લાના વિભાગીય પ્રમુખો દ્વારા બુકે અર્પણ કરી સન્માનિત કરેલ.

ત્યારબાદ જ્ઞાતિ સંઘના મંત્રી સંજયભાઈ દવેએ વર્ષ ૨૦૨૨-૨૩ નું વાર્ષિક હિસાબ આવક - જાવકનું સરવૈયું રજૂ કરેલ. તેમજ જ્ઞાતિમાં ઓ.બી.સી.ના લાભોથી વંચિત રહી ગયેલા પરિવાર માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. બાદ સંઘના ઉપપ્રમુખ વાસુદેવભાઈ જોશી, મેનેજિંગ ટ્રસ્ટી દિવ્યકાન્તભાઈ જોશી, હરિઓમ વૃદ્ધાશ્રમના સંચાલક કાળુભાઈ જોશી, પ્રમુખ બંકિમભાઈ મહેતા એ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવેલ કે, અમદાવાદ નવનિર્મિત રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ ભવનનું કાર્ય પૂર્ણતાને આરે છે. સમાજ વધુ સંગઠિત અને મજબૂત કઈ રીતે બને તેની વિસ્તૃત માહિતી આપેલ. જ્ઞાતિના વિકાસ કાર્યોમાં હંમેશા સહભાગી બની મદદરૂપ બનવા અનુરોધ કરેલ. તાલુકા, જિલ્લા કક્ષાએ કમિટીઓ બનાવી જ્ઞાતિ હિતના કાર્યોની બેઠકો યોજવી જોઈએ.

ત્યારબાદ સંસ્થાના શિલ્પી કમ આજના સમારંભના અધ્યક્ષ પૂ.મુકતાનંદબાપુએ આશીર્વચનમાં જણાવેલ કે સમાજની બહોળી ઉપસ્થિતિથી રાજીપો વ્યક્ત કરું છું. સાધુ જે સમાજમાં જન્મે તે સમાજનું ઋણ હોય. પરંતુ સંતો પ્રેરણા આપે કાર્ય વ્યવસ્થાપક કમિટિ કરે. સમાજનું ઋણ કોઈ દિવસ ભૂલાય નહીં. પૂર્વજોએ જે ઈમારત ઉભી કરી જ્ઞાતિનો વિકાસ કર્યો એટલે વડીલોના એ વારસાને જાળવવો, સમાનતાનો ભાવ રાખવો, સમાજને તન-મન- ધનથી મદદરૂપ બનો, સમાજના કલ્યાણ માટે ભગીરથ કાર્યો થઈ રહ્યા હોય તેમાં આહુતિઓ આપો, વાદવિવાદ ન કરો, પ્રદર્શન ન કરો, રાજકારણ ઘરમાં નહીં, બલ્કે કામ કરો સાથે આચરણ કરો. ભાષા આચરણમાં વિવેકી હોવી જોઈએ. જેઓ સમાજ ઉત્થાનના કામ કરી રહ્યા છે તેને આદર આપો, સંસ્કારોનું જતન કરો, આટલું આચરણ અવશ્ય રાખો. સમાજ વિકસિતના અનેક કામો છે જેવા કે સમૂહ લગ્ન, જીવનસાથી પસંદગી મેળા, બ્લડ ડોનેશન કેમ્પ, વ્યસનમુક્તિ અભિયાન, દીકરા - દીકરીઓને વિદેશ ગમન માટે જરૂરી માર્ગદર્શન, જીવનલક્ષી સેમિનારો યોજી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડો. વડીલોએ સોંપેલી ધરોહરને વિકસાવો, કાર્યકર્તા કોને કહેવાય તેની તાલીમ આપો. તેમજ સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક બાબતો દ્રષ્ટાંતોના માધ્યમથી વિસ્તૃત વાતો દ્વારા આશીર્વચન પાઠવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિ બંધુઓ ગુણવંતભાઈ ભરાડ, ભીખુભાઈ જોશી, વિનુભાઈ ચાંવ, સી.વી.જોશી, ભુપતભાઈ મહેતા, ધીરુભાઈ મહેતા, પરશુરામભાઈ જોશી, પત્રકાર વિનુભાઈ જોશી, ગિજુભાઈ વિકમા,અરવિંદભાઈ દવે, ભાવિનભાઈ જોશી, અમિતભાઈ વેગડા, પંકજભાઈ વેગડા, અશ્વિનભાઈ રાજ્યગુરુ, બળવંતભાઈ મહેતા, વજુભાઈ સયાંગર, શશીકાંતભાઈ બોરીસાગર, રમેશભાઈ મહેતા ભનુભાઈ મહેતા, શાંતિભાઈ મહેતા, જીતુભાઈ જોશી, જયંતીભાઈ બોરીસાગર, અશ્વિનભાઈ શીલુ, ભાવેશભાઈ બોરીસાગર તેમજ બહોળી સંખ્યામાં દૂરથી પધારેલ કારોબારી તથા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન જીતુભાઈ બોરીસાગર તથા અંતમાં ચાપરડા આનંદધારાના પ્રતિનિધિ ભાનુભાઈ જોશી એ આભાર વ્યક્ત કરતાંની સાથે પૂ. બાપુના જીવન મંત્રને યાદ કરેલ 'પીડિતોને રાહત આપો, બેઠેલાને ઉભો કરો, ઉભેલાને ગતિ આપો, ગતિવાનને સાચી દિશા આપો' આમ આજે રા.બ્રા. જ્ઞાતિ સંઘના કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ જ્ઞાતિ બંધુઓનો બ્રહ્માનંદધામ વતી આભાર વ્યક્ત કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના નિયામક અર્જુનસિંહ રાઠોડ, એડમિનિસ્ટ્રેટર કમલેશભાઈ ધાધલ, રતિભાઈ જેઠવા તથા પ્રિન્સિપાલ ભાવિનભાઈ જોશી ના માર્ગદર્શન તળે દિપકભાઈ તેરૈયા, રાહુલભાઈ વિકમા તથા કરણભાઈ વિકમા એ સારી એવી જહેમત ઉઠાવેલ.

# ઊના એસ.ટી. બસ સ્ટેશન અને ગીર ગઢડાના બસ સ્ટેશનમાં શુભયાત્રા સ્વચ્છ યાત્રા અભિયાનનો પ્રારંભ



ઉના તા.૪

ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, ઊના એસટી ડેપો મેનેજર એલ.ડી.રાઠોડ, ઉનાના નાયબ મામલતદાર પીનાકીનભાઈ ઉપાધ્યાય, ઉના નગર પાલિકા ના પ્રમુખ પરેશ ભાઈ બાંભણિયા, મહિલા આર્ટસ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ લલિતભાઈ બારીયા તેમજ કન્યા વિદ્યાલયના આચાર્ય દીપ્તિબેન વિગેરે આગેવાનોની ઉપસ્થિતીમાં શાળાના વિદ્યાર્થીઓ ઉના એસ.ટી. ડેપોના કર્મચારીઓએ સમગ્ર બસ સ્ટેશનમાં સફાઈ કરી સ્વચ્છ બનાવેલ અને દરેક એસ ટી બસમાં કચરા પેટી રાખી અને બસ સ્ટેશનના પ્લેટફોર્મમાં કચરા પેટી રાખી મુસાફરોને કચરો પેટીમાં નાખવા સમજાવેલ અને કાયમી બસ સ્ટેશન અને બસોને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી તેમજ ગુજરાતના વાહન વ્યવહાર નિગમના એમ.ડી. એ.એમ.ગાંધીએ મુસાફરોને અપીલ કરી છે કે બસ સ્ટેશન અને બસોમાં કે શૌચાલયમાં ગંદકી જોવા મળે તો સીધા નિગમના ક્યુંઆર કોડ મારફત ફરિયાદ કરી શકશે તુરંત પગલાં લેવામાં આવશે.

# આવતીકાલે મંગળવારે કાલભૈરવ જયંતીનું મહત્વ અને પૂજન

મંગળવારે કાલભૈરવ જયંતી ના દિવસે મુસીબત માથી છુટકારો મેળવવા તથા રક્ષા મેળવવા માટે કાલભૈરવ દાદા ની પૂજા ઉત્તમ ફળદાયક ગણાય છે. કારતક વદ આઠમ ને તા. ૫ ડિસેમ્બર ને મંગળવારે કાલભૈરવ જયંતી છે શિવ રહસ્યમાં કહેવા પ્રમાણે નિત્ય યાત્રા વગેરે કર્યા પછી મધ્યાહન નો સમય થયો ત્યારે બ્રહ્માજી એ ભગવાન શંકર નો અનાદર કર્યો ત્યારે ઉગ્રરૂપ વાળા રૂદ્ર માંથી કાલભૈરવ પ્રગટ થયા શિવરહસ્ય મા જણાવ્યા પ્રમાણે કાલભૈરવની ઉત્પતિ મધ્યાન સમયે થયેલી છે.

**ભૈરવ દાદાનું પૂજન કઈ રીતના કરવુ ? :** કાલ ભૈરવ જયંતી ના દિવસે કાલ ભૈરવ દાદા નુ પૂજન કરવા થી આખુ વર્ષ વિઘ્નો નથી આવતા આ દિવસે પિતૃ તર્પણ કરવું તથા તિર્થમાં સ્નાન કરવું પણ ઉત્તમ છે. આ દિવસે પિતૃ તર્પણ કરવાથી બધા જ પિતૃઓને નર્કમાંથી મુક્તિ મળે છે. કાલ ભૈરવની પુજા નું મહત્વ રાત્રી નુ વધારે છે. નારદ પુરાણ પ્રમાણે કાલ ભૈરવની પુજા કરવાથી બધી જ મનોકામનાં પૂર્ણ થાય છે. અને બીમારીઓ દૂર થાય છે. કાલ - ભૈરવ જયંતીના દિવસે વેલા ઉઠીઅને સ્નાન કરી ત્યારબાદ સવારે મહાદેવજીનું પૂજન કરવું અને રાત્રે ધૂપ કાળા તલ ના તેલ નો દિવો અથવા સરસવના તેલનો દીવો કરી ને અળદ ચડાવી કાલ ભૈરવ પુજન કરવું નેવેધ માં ગાઠીયા ધરાવા અને આ દિવસે કાળા કૂતરાને રોટલી નાખવી. તે ઉપરાંત કાલ ભૈરવ ને અળદ ની દાળ ના વળા ગોળ ના લાડુ .ગાઠીયા ધરાવી શકાઈ છે, આમ આ કાલ ભૈરવ દાદા ની આ સાત્વિક પૂજા છે.

**કાલભૈરવની ઉત્પતિ કઈ રીતે ? :** ભૈરવ એટલે શંકર ભગવાન નુ જ એક સ્વરૂપ છે કોઈ પણ પૂજા ની શરૂવાત મા કાલ ભૈરવ દાદા નુ ધ્યાનનો શ્લોક બોલવામાં આવે છે અને કાલભૈરવ મહાદેવજી ના ગણ છે જે કળયુગમાં તુરત ફળદાઈ છે. એક પૈરાણીક કથા પ્રમાણે એક વખતે વિષ્ણુ ભગવાન અને મહાદેવજી અને બ્રહ્માજી વચ્ચે વિવાદ થયો કે સૌથી શ્રેષ્ઠ કોણ છે. બધા જ દેવી દેવતાઓની સભા બોલાવી અને સાથે ઋષિમુનિઓ ને પણ બોલાવેલ અને ત્યારબાદ બધા જ દેવી દેવતા અને ઋષિમુનિઓ એ એક મત થઈ અને કહ્યું મહાદેવજી સર્વશ્રેષ્ઠ છે તેમા વિષ્ણુ ભગવાન અને મહાદેવજી સહમત થયા પરંતુ બ્રહ્માજી સહમત ન થયા અને બ્રહ્માજી ના ચાર મુખ માથી એક મુખ મહાદેવજીનું અપમાન કરવા લાગ્યું આથી મહાદેવજી માથી ભયંકર રૂપવાળા કાલ ભૈરવની ઉત્પતી થઈ. કાલભૈરવ દાદા કાળા કુતરા પર સવાર થઈ અને દંડ દ્વારા બહ્માજી ના એ માથા નુ છેદન કર્યુ આમ કાલ ભૈરવ ઉપર બ્રહ્મ હત્યાનું પાપ લાગ્યું ત્યારબાદ કાલભૈરવ દાદા કાશી પહોંચ્યા અને ત્યાં તેમણે પાપ માંથી મુક્તિ મળી ભગવાન કાલ ભૈરવને મહાકાલેશ્વર દંડાધિપતિ પણ કહેવાય છે. કાલભૈરવ દાદાની પૂજા કરવાથી જીવનમાં બધી જ રીતે રક્ષા મળે છે.

શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# જૂનાગઢ : ટ્રાન્સપોર્ટ મારફતે પાર્સલની આડમાં મંગાવેલ ૩૦ બોટલ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા.૪

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન તપાસની કામગીરી હાથ ધરતા પાર્સલની આડમાં દારૂ આવેલ તે ૩૦ બોટલ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ રણવીરસિંહે જાતે ફરીયાદી બની પોલીસમાં એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે દોલતપરા નાયરા પેટ્રોલ પંપ સામે એક ટ્રાન્સપોર્ટના ગોડાઉન નજીક બનેલા બનાવમાં હાજર નહી મળી આવેલ ડીલેવરી લેનાર અમર મેડીકલ હરીઓમનગર, ચાર રસ્તા પાસે, ઉપલેટા તથા ડીલેવરી મોકલનાર અરોરા મેડીકલ સ્ટોર, દુકાન નં.૬, મજરી ચોક, પંચકુલા, હરીયાણાવાળા તથા તપાસમાં ખુલે તે તમામ સામે નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના આરોપીએ પુર્વ આયોજીત કાવત્રુ કરી ગે.કા. રીતે પાર્સલની આડમાં અરોરા મેડીકલ સ્ટોર, દુકાન નં.૬, મજરી ચોક, પંચકુલ્લા, હરીયાણા પીન નં.૧૩૪૦૧૦૯, મો.નં.૮૪૨૭૩ ૩૧૫૦૨ વાળા પાસેથી ટ્રાન્સપોર્ટ મારફતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલ નંગ – ૩૦ કુલ કિ.રૂ. ૩૮,૨૫૦/- નો જે મુદામાલ ડીલેવરી લી. નામના ટ્રાન્સપોર્ટમાંથી મળી આવેલ અને આરોપીઓ રેઈડ દરમ્યાન હાજર નહી મળી એક બીજાને મદદગારી કરી ગુન્હો કર્યાની ફરીયાદ નોંધવામાં આવી છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પીએસઆઈ ક્ષત્રીયએ હાથ ધરી છે.

# જૂનાગઢ : લગ્ન પ્રસંગે બહાર ગયેલા પરિવારના બંધ મકાનમાં ચોરી

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં લગ્ન પ્રસંગે બહાર ગયેલ પરિવારના બંધ મકાનમાં તસ્કરો મહેમાન બનીને બંધ મકાનના તાળા તોડી ૩૪,૫૦૦ની મતા ચોરી ગયા હોવાની પોલીસમાં ફરિયાદ થતાં તપાસ હાથ ધરવામાં આવી છે.

જૂનાગઢમાં શાંતેશ્વર રોડ પ્રજાપતિ સમાજની વાડી પાસેના પ્રતિક પાર્ક સોસાયટીમાં રહેતા મજુરી કામ કરતા સચિનભાઈ ઉર્ફે સાગર ગોપાલભાઈ મુળિયા શનિવાર સાંજે મકાનને તાળા લગાવીને પત્ની અને બાળકી સાથે લગ્ન પ્રસંગે રાજકોટ ગયા હતા દરમ્યાન રાત્રીના બંધ મકાનના તાળા તોડીને તસ્કરો કબાટની તિજોરીમાંથી સોનાની બુટ્ટી, સોનાની લેડીઝ વીટી, ચાંદીના સાંકળા રોકડા રૂપિયા મળી કુલ ૩૪૫૦૦નો હાથફેરો કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના આર્ટિસ્ટો દ્વારા કેન્દ્રિય ગૃહમંત્રીને ચિત્ર અર્પણ કરાયું

જુનાગઢ તા.૪ : કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ ગિરનારની પાવન ભૂમિ એવા પ્રકૃતિ ધામ રૂપાયતન ખાતે દિવ્યકાન્ત નાણાવટી ભુલાય તે પહેલા પુસ્તકનું વિમોચન માટે પધાર્યા હતા. આ તકે જુનાગઢના આંતરરાષ્ટ્રીય ચિત્રકાર, અને વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર રજનીકાંત અગ્રાવત અને નિરૂપા સોઢાતર બંનેએ અમિતભાઈ શાહનું આબેહૂબ ચિત્ર બનાવીને ભેટ અર્પણ કર્યું હતું. રૂપાયતન સંસ્થાના આ કાર્યકર્મમાં કલાકારોને બિરદાવવામાં આવ્યા હતા

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

વધારાના ટ્રેકને પાથરવાની જોગવાઈ

ઈ-ટેન્ડર નં. GS-BVP-05-2023-24-SMNTH-Tr-R કામનું નામ: સોમનાથ: પશ્ચિમ રેલવેના સોમનાથ સ્ટેશન ખાતે વધારાના ટ્રેક (2.5 કિ.મી.) ને પાથરવાની જોગવાઈ (ટ્રેક કામ). ટેન્ડર મૂલ્ય: ₹ 1,20,19,842.34, ઈએમડી: ₹ 2,10,100.00. બિડીંગ શરૂ થવાની તારીખ: 12-12-2023, બિડીંગ બંધ થવાની તારીખ: 26-12-2023. ઓનલાઈન રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર 28-11-2023 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. BVP-133

અમને ફોલો કરો: twitter.com/WesternRly

# મારો દિકરો મારા કહ્યામાં નથી

જૂનાગઢ જીલ્લાના તોરણીયા ગામના વતની લાભુબેન કાનજીભાઈ મકવાણા આ નોટીસ દ્વારા જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, મારો દિકરો નરસિંહ કાનજીભાઈ ઉર્ફે નરેન્દ્ર જેને તેને છેતરવા તેમજ શીશામાં ઉતારવા જેવી કામગીરીના કારણે જેના પિતા કાનજીભાઈ કોમામાં આવી ગયા અને અવસાન થઈ ગયું છે. વિશેષમાં હું પણ વૃધ્ધાવસ્થાના હારે પહોંચેલ છું. જેથી મારા આ દિકરા સાથે કોઈએ કોઈપણ પ્રકારની લેતી દેતી કરવી નહી અને જો કોઈ કરશે તો તેની જવાબદારી મારી રહેશે નહી. મેં મારા દિકરાને કાઢી મુકયો છે જેની સર્વેએ નોંધ લેવી.

લી.

લાભુબેન કે.મકવાણા

# જૂનાગઢ તાલુકાનાં વડાલ ખાતે પૃષ્ટિ સંસ્કારધામ શિલાન્યાસ મહોત્સવની થશે ભવ્ય ઉજવણી

## આગામી તા.૧૪ થી ૨૦ સુધી અનેકવિધ કાર્યક્રમો : ૨૦૦ કમીટીનાં ૫ હજારથી વધુ કાર્યકરો ખડેપગે : તડામાર તૈયારીઓ





જૂનાગઢ તા.૪

જૂનાગઢ તાલુકાના વડાલ ખાતે આગામી તા.૧૪ થી ૨૦ મી ડિસેમ્બર સુધી વૈષ્ણવ સંપ્રદાયના સૌથી મોટા ઋષિસંસ્કૃતિ જ્ઞાનતિર્થ સંસ્કાર ધામ ખાતે અતિભવ્ય શિલાન્યાસ મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે અને જે અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સાત દિવસના મહોત્સવમાં અનેકવિધ કાર્યક્રમો યોજાશે. ઋષિ પરંપરા અને વૈદિક જ્ઞાન મેળવવા પુરા વિશ્વમાં ભગવાન કૃષ્ણની ભક્તિમાં ઓતપ્રોત થયેલા લાખો વૈષ્ણવો અને તેના પરિવારજનોને ખાસ સંદેશ આપતા વૈષ્ણવાચાર્ય પૂ. પિયુષ બાવાશ્રીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર ગુજરાત અને પુરા ભારતના સૌ વૈષ્ણવજનો વિશાળ સંખ્યામાં આ સપ્ત દિવસીય મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે. આ સનાતન પરંપરા વિશાળ સંકુલમાં ફકત વૈષ્ણવ પરિવાર જ નહી સનાતન હિન્દુ ધર્મના વિવિધ પરિવારો પણ ઋષિ સંસ્કૃતિ પામી શકશે. દરમ્યાન આ શિલાન્યાસ મહોત્સવ અંતર્ગત યોજાનાર કાર્યક્રમ અંગે ગઈકાલે એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં પૃષ્ટિ સંસ્કારધામના સંયોજક અને પ્રવકતા આનંદ ઠકકર તથા ટ્રસ્ટી અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા સહિતના ટ્રસ્ટીઓએ વિસ્તૃત વિગતો આપી હતી.

પુષ્ટિસંસ્કારધામ, વડાલ-કાથરોટા રોડ, વડાલ (જૂનાગઢ) ૧૨૫ વિઘાની વિશાળ ભૂમિ પર આકાર લેવા જઈ રહ્યું છે જેનું ભૂમિપૂજન અને ફેઝ-૧ શિલાન્યાસ કાર્યક્રમ અત્યન્ત ઉત્સાહથી સંપન્ન કર્યા છે. જેમાં વિશાલ સંખ્યામાં વૈષ્ણવો ઉત્સાહપૂર્વક સમ્મિલિત થયા હતા અને ફેઝ-૧ અન્તર્ગત બિલ્ડીંગનું કાર્ય પૂર્ણ થવાના આરે છે ત્યારે ફરીથી એવો જ એક અનેરો અવસર આવ્યો છે; કે જેમાં આપણે પુષ્ટિસંસ્કારધામ નિર્માણકાર્ય અન્તર્ગત ફેઝ-૨નો શિલાન્યાસ કરવા જઈ રહ્યા છીએ. સપ્તદિવસીય આ કાર્યક્રમમાં આચાર્યપરિવારની વિશેષ ઉપસ્થિતિમાં આપણી ધર્મસંસ્કૃતિ અને આધુનિક જીવનના સમન્વય રૂપ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

**મહોત્સવનો પ્રારંભ**

પુષ્ટિસંસ્કારધામ સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવ ફેઝ-૨ આગામી તા.૧૪ થી ૨૦ ડીસેમ્બર, ગુરૂવાર થી બુધવાર દરરોજ બપોરે ૩:૦૦ થી રાત્રે ૮:૦૦ કલાક સુધી ઉજવવામાં આવશે. આ મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે.

વિવિધ પ્રદર્શનીઓ : તા. ૧૪ થી ૨૦ ડિસેમ્બર સાતે દિવસ બપોરે ૩:૦૦ થી સાંજે ૭:૩૦ વાગ્યા સુધી નિહાળી શકાશે.

તા. ૧૪/૧૨/૨૦૨૩ પ્રદર્શની વિમોચન આચાર્યશ્રી પરિવાર દ્વારા ગીર ગો સંવર્ધન દર્શન, સૃષ્ટિ (સાયન્સ અને ટેક્નોલોજી તેમજ આર્ટ વિભાગો), અરોમા ગાર્ડન (વિવિધ પ્રાચીન ઔષધિ તથા ફૂલોના છોડોનું સુંદર પ્રદર્શન, પુષ્ટિસંસ્કારધામ કેમ્પસનું ૩-ડી વોક-થ્રુ પ્રેઝન્ટેશન, પુષ્ટિમાર્ગીય કલા અને સંસ્કૃતિ કાર્યક્રમો યોજાશે.

**વિવિધ વિભાગો શિલાન્યાસ વિધિ**

તા. ૧૪/૧૨/૨૩ના રોજ આચાર્યશ્રી પરિવાર તથા મુખ્ય સહયોગી દ્વારા જુદા જુદા વિભાગોની શિલાન્યાસ વિધિ થશે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

તા. ૧૪ અને ૧૫ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં દક્ષિણભારતમાં ચેન્નઈની સુપ્રસિદ્ધ ટીમ શ્રીમુદ્રાલયા રેપર્ટરી ગ્રુપ અને ડૉ.લક્ષ્મી રામાસ્વામી દ્વારા બે દિવસ ભજગોવિંદમ્ અને મધુરાધિપતે અખિલની સુંદર ભરતનાટ્યમ કૃતિ આ મહોત્સવ અન્તર્ગત રજુ કરવામાં આવશે.આ ઉપરાંત તા. ૧૬ અને ૧૭ ડીસેમ્બર ૨૦૨૩ દરમ્યાન પુષ્ટિસંસ્કાર પાઠશાલાના ૩૦૦થી વધારે કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાશે. જયારે તા. ૧૮ અને ૧૯ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ પુષ્ટિસંસ્કાર સ્કૂલ તથા પુષ્ટિ બાલવાટિકા પ્રિ-સ્કૂલ-ટીંબાવાડી(જૂનાગઢ) ૧૨૦૦ થી વધારે વિદ્યાથીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે. જયારે તા. ૨૦/૧૨/૨૩ના રોજ રાસઉત્સવ અને સમાપન વિધિ કાર્યક્રમ, મહોત્સવ સમિતિ તથા કાર્યકર્તા સન્માન અભિવાદન સમારોહ યોજવામાં આવશે.

**કેમ્પસમાં નિર્માણાધીન વિભાગો**

પુષ્ટિસંસ્કારધામ સંકુલમાં ફેઝ-૧ માં અંદાજિત ૧.૫ લાખ સ્કવેર ફીટનું નિર્માણકાર્ય કરવામાં આવ્યું. જેમાં પુષ્ટિસંસ્કાર ગોશાલા, પુષ્ટિસંસ્કાર સંસ્થાન હેડકવાટર્સ તથા અતિથિ નિવાસનુ નિર્માણ થયેલ છે.

પુષ્ટિસંસ્કારધામ સંકુલમાં ફેઝ-૨માં શ્રીવલ્લભધામ, પુષ્ટિસંસ્કાર સ્કૂલ, સંસ્કૃત વિદ્યાલય, ગોપાલપ્રસાદમ્ (ભોજનાલય), ઉદ્યાન-ગીતાવન, ગોકુલવન, ઓડીટોરીયમ, શ્રીગોવિન્દઘાટ વગેરે જેવા જુદા જુદા વિભાગોનું નિર્માણ થશે.

**સમસ્ત સમાજહિત તથા રાષ્ટ્રહીત એટલે પુષ્ટિસંસ્કારધામ**

આ સંસ્કારના કેન્દ્રના પ્રેરણાદાતા અને માર્ગદર્શક નિ.લી.ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી એવમ્ આ કાર્યને કરવા માટે કટિબદ્ધ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી બન્ને આચાર્યશ્રીઓ શ્રીવલ્લભાચાર્યજીને પોતાના વંશજોમાં અપેક્ષિત ગુણોને અનુરૂપ અને પોતાના આચાર્ય તરીકેનો કર્તવ્ય પ્રતિ સતત પ્રયત્નશીલ છે. પુષ્ટિસંસ્કારધામ કેવળ એક આધુનિક ટેકનોલોજી યુક્ત વિદ્યાસંકુલ માત્ર નથી પરંતુ એ ઘર-પરિવાર, કર્મ અને ધર્મમાં પૂર્ણતા અપાવી જીવન સફળ કરાવનાર સંસ્કારોનું સિંચન કરાવનાર કેન્દ્ર છે. જ્યાં આપણે એવા સંસ્કારો પ્રાપ્ત કરી શકીશું જે જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં સર્વાંગીણ સફળતા પ્રાપ્ત કરાવી શકે.

પુષ્ટિસંસ્કારધામ, સર્વજનહિત, સમાજહિત, રાષ્ટ્રહિત અને ધર્મસંસ્કૃતિરક્ષા જેમના હૃદયમાં છે તે ઉત્તમ ભાવયુક્ત સહયોગીઓ અને સન્નિષ્ઠ કાર્યકર્તાઓના પરિશ્રમથી નિર્માણ પામશે. કોઈપણ પ્રકારે આર્થિક ઉપાર્જનના લેશમાત્ર લાભની અપેક્ષા વગર આ સંકુલ નિર્માણનો સંકલ્પ છે.

આ મહોત્સવમહોત્સવના આ સાત દિવસમાં અંદાજિત ૪ થી ૫ લાખ વૈષ્ણવો ઉપસ્થિત થશે. જયારે ૩૦૦ કન્વિનર અને સહકન્વિનર તથા ૪૦૦૦ થી ૫૦૦૦ સ્વયંસેવકો ઉપસ્થિત રહેશે અને સેવા આપશે. આ મહોત્સવમાં ૨૦૦ થી વધારે વિદ્યામાં જુદા જુદા વિભાગોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ એક યાદીમાં જણાવેલ છે.

### સપ્ત દિવસીય શિલાન્યાસ

- ઐતિહાસીક નગરી જૂનાગઢમાં આધુનિક શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિનો સમન્વય સારતુ વૈશ્વીક કેમ્પસ ૧૨૫ વિઘા ભૂમિ પર સાકાર થવા જઈ રહ્યું છે.
- તા. ૧૪ થી ૨૦ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ આ કેમ્પસનું ફેઝ-૨ નું સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવ વડાલ-જૂનાગઢ મુકામે યોજાશે.
- ધાર્મિક નગરી જૂનાગઢમાં સનાતન ધર્મ સંસ્કૃતિ માટે ગૌરવ સમાન પુષ્ટિસંસ્કારધામનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે.
- જૂનાગઢ થી નજીક વડાલ ગામ પાસે ૧૨૫ વિઘા ભૂમિ પર પુષ્ટિસંસ્કારધામ કેમ્પસનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. જે અન્તર્ગત તા. ૧૪ થી ૨૦ ડીસેમ્બર ૨૦૨૩, ફેઝ-૨ સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવનું આયોજન રાખેલ છે.
- તા. ૧૪ થી ૨૦ ડીસેમ્બર ૨૦૨૩ પુષ્ટિસંસ્કારધામ (વડાલ-જૂનાગઢ)માં ૪ થી ૫ લાખ વૈષ્ણવો શ્રીકૃષ્ણ ભક્તિમાં ઓતપ્રોત થશે.
- વડાલ-જૂનાગઢમાં યોજાનાર પુષ્ટિસંસ્કારધામ નિર્માણ ફેઝ-૨ સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવમાં દેશ-વિદેશથી લાખો વૈષ્ણવો ઉપસ્થિત રહેશે.
- પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયમાં સૌથી મોટો મહોત્સવ. પુષ્ટિસંસ્કારધામમાં સાત દિવસમાં ૪ થી ૫ લાખથી વધુ વૈષ્ણવો હોસભેર ઉમટશે.
- ૪૫૦ ગામ, ૧૦૦ તાલુકા તથા શહેરોમાં આમંત્રણ પહોંચાડવાની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે સ્વયંભુ ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.
- પુષ્ટિસંસ્કારધામ ફેઝ-૨ સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવ માટે મહા તૈયારી 'સપ્તદિવસીય શિલાન્યાસ અવસરે સપ્તરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો'' માટે ૧૦,૦૦૦ થી વધારે બાળકો અને યુવાનો તૈયારી કરી રહ્યા છે.

# કેશોદ નજીક આવેલ ગાદોઈ ટોલનાકે રાહત આપવા આંદોલનની રણનીતિ ઘડાઈ



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૪

કેશોદ નજીક આવેલા ગાદોઈ ટોલ પ્લાઝા પર કેશોદ આસપાસના વીસ કિલોમીટર ત્રિજયામાં આવતાં વાહનચાલકોને ટોકન રેટ વસુલ કરી રાહત આપવાની જોગવાઈ હોવા છતાં રાહત આપવામાં આવતી ન હોય કેશોદ શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લેખિતમાં રજુઆત કરવામાં આવી છે ઉપરાંત કેશોદ બંધનું એલાન આપી એક દિવસ સ્વયંભુ ધંધા રોજગાર બંધ રાખવામાં આવેલ ત્યારે કોઈ પરિણામ આજદીન સુધી મળ્યું નથી. કેશોદની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા લડાયક આગેવાન હરસુખ ભાઈ સિધ્ધપરાએ નિલકંઠ મહાદેવ મંદિરનાં પટાંગણમાં જાહેર મીટીંગનું આયોજન કરેલ હતું જેમાં કેશોદના વેપારી સંગઠનો પ્રબુદ્ધ નાગરિકો અને વિસાવદરનાં ધારાસભ્ય ઉપસ્થિત રહ્યાં હતાં.પોરબંદર લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ગોંડલના લોકોને ભરૂડી ટોલનાકે માત્ર ૧૦ દસ રૂપિયા છે તેમજ જેતપુરના લોકોને પીઠડીયા ટોલનાકે માત્ર ૧૦ દસ રૂપિયા છે જયારે કેશોદના લોકોને ગાદોઈ ટોલનાકે ૧૧૫ જવાના અને ૫૫ આવવાના લાગે છે જેનાં કારણે કેશોદ પંથકના વાહનચાલકો દંડાઈ રહ્યાં છે અને રોષ ફેલાયો છે. કેશોદના ગાદોઈ ટોલનાકા વિસ્તારોમાં ૨૦ કિલોમીટરના એરિયામાં આવતા કેશોદના લોકોને જૂનાગઢનું કામ ભલે ૧૦ જ મિનિટનું હોય અને અહીંથી નીકળે એટલે ૧૭૦ રૂપિયા ચૂકવવા પડે છે. કેન્દ્ર સરકારનાં પરિવહન મંત્રી દ્વારા પચાસ કિલોમીટર અંતરમાં એક જ ટોલ પ્લાઝા રાખવાની જાહેરાત કરી છે એ મુજબ પણ એક ટોલ પ્લાઝા રદ્દ થઈ શકે તેમ છે.કેશોદના વિવિધ સંગઠનો સંસ્થાઓ દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી લેખિતમાં મૌખીક રજુઆત કરી છે અને ગત લોકસભાની ચૂંટણીમાં મતદાન પૂરું થયે એક માસમાં ઉકેલ લાવવા ડબલ એન્જિનની સરકારનાં પ્રતિનિધિઓ પદાધિકારીઓએ આપેલ ખાત્રી પોકળ પુરવાર થઈ છે ત્યારે આજરોજ મળેલી બેઠકમાં આવનારાં દિવસોમાં ઉપવાસ આંદોલન શરૂ કરવા માટે ચારેક દિવસમાં કાર્યક્રમ જાહેર કરવાનું નક્કી કર્યું છે અને વિસાવદરનાં ધારાસભ્ય દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં અધિકારીઓને રૂબરૂમાં મળવાનું જણાવ્યું હતું. કેશોદ નજીક આવેલાં ગાદોઈ ટોલ પ્લાઝા પર રાહત મેળવવા માટે યુદ્ધ એજ કલ્યાણ હોય આવનારાં દિવસોમાં શરૂ થનાર આંદોલનાત્મક કાર્યક્રમોમાં સૌ શહેરીજનોને જોડાવા અપીલ કરી છે.

# મેંદરડા તાલુકાના દાત્રાણાની સીમમાંથી શિકારી ઝડપાયા



જૂનાગઢ તા.૪

નાયબ વન સંરક્ષકશ્રી ગીર પશ્ચિમ વિભાગ જુનાગઢ તથા મનિશ વન સંરક્ષકશ્રી વિસાવદરનાં માર્ગદર્શનથી ડેડકડી રેન્જનાં કાર્ય વિસ્તારમાં આવતા મેંદરડા તાલુકાના દાત્રાણા ગામની સીમ વિસ્તારમાં ચોકકસ બાતમીના આધારે રેડ કરતા આરોપીઓની રહેણાકની ઝુંપડીમાંથી વન્યપ્રાણીઓનાં શિકાર કરવા અંગેના ફાસલાઓ, માંસ રાંધેલ તપેલું, મોર તથા તેતરના પીછા, શિયાળ તથા જંગલી ભૂંડનાં મૃતદેહનાં અવશેષો તથા વિવિધ હથીયારો મળી આવતા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨નાં ભંગ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ રેડ દરમ્યાન ચનાભાઈ મંગાભાઈ મકવાણા (ઉ.વ.૬૨) ધંધો-ખેતમજુરી રે.ગોધમપુર, તા.મેંદરડા, જી.જૂનાગઢ, લખમણ ચનાભાઈ મકવાણા (ઉ.વ.૩૬) રે.ગોધમપુર, તા.મેંદરડા, જી.જુનાગઢને ઝડપી લેવામાં આવેલ છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી (૧) ભાલા નંગ–૩, (૨) કુહાડી નંગ–૪, (૩) તલવાર નંગ – ૧, (૪) પશુને પકડવાના ફાસલાઓ તથા જાળ, (૫) વન્યપ્રાણી શીયાળ તથા ભૂંડનાં મૃતદેહ, (૬) મોર તથા તેતરનાં પીંછા, (૭) તપેલું નંગ - ૧ જપ્ત કરવામાં આવેલ છે. બનાવ અંગે ડેડકડી રેન્જ ગુન્હા રજી.નં.૨૭/૨૦૨૩નાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૨(૧૬), ૯, ૩૯, ૫૦, ૫૧, ૫૨ના ભંગ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓને અટક કરી કોર્ટ હવાલે કરતા ગુન્હાની ગંભીરતા જોઈને કુલ ૩ દિવસના રિમાન્ડ મંજુર કરેલ છે.

આ કામગીરીમાં આરએફઓ જે.એન.વાળા, એ.જી.મકવાણા (ફોરેસ્ટર), આર.બી.કાકડિયા એસ.એસ.સિસોદિયા (ફોરેસ્ટ ગાર્ડ), ડી.કે.સિસોદિયા (ફોરેસ્ટ ગાર્ડ) તથા ટ્રેકર સહિતનો સ્ટાફ જોડાયેલ હતો.


**લકઝરીયસ બંગલો વેચવાનો છે**

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અધ્યતન બંગલો વેચવાનો છે.

દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.

મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

**ૐ નેચર કયોર સેન્ટર**

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

હાર્દિક શુભેચ્છા....

**રૂદ્રાક્ષ ડેન્ટલ કલિનીક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર**

**ડો. મલ્કેશ પાણખાણીયા**



સમય : સવારે ૧૦ થી ૧.૦૦
સાંજે ૫.૦૦ થી ૮.૦૦

હરસિધ્ધિ કૃપા, જોષીપરા, મોનાર્ક રેસીડેન્સી, ગંધારવાડી, જૂનાગઢ. મો. ૯૭૨૫૦ ૪૧૩૩૬

હાર્દિક શુભેચ્છા....

**પરબતભાઈ ડાંગર**

**અગ્રણી બિલ્ડર**

મો. ૯૪૨૮૪ ૪૦૫૯૫

જૂનાગઢ

હાર્દિક શુભેચ્છા...

**ધ્યેય સાયન્સ સેન્ટર**

એક ડગલું આગળ

: કાર્યક્ષેત્ર :

ધો. ૮ થી ૧૦ તથા ૧૧-૧૨ (સાયન્સ/કોમર્સ)
B.Com., B.B.A. (Eng. Medium)

ત્રીજો માળ, સાનિધ્ય કોમ્પ્લેક્ષ, બેંક ઓફ ઈન્ડીયાની ઉપર જોષીપરા, જૂનાગઢ. ફોન : ૦૨૮૫- ૨૬૧૦૦૨૬

વઘાસીયા સર : મો. ૯૯૦૪૧ ૨૦૨૪૨

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેકટ્રોનિક્સ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

૦% ફાઈનાન્સ ૦% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.